

આ દ્રવ્યસ્વભાવના ઊંડા સંસ્કાર નાખે તેને કાર્ય થવાનું જ છે. જેમ અપ્રતિહતપણે સમ્યગ્દર્શન થાય છે તેને ક્ષાયિક સમ્યગ્દર્શન થવાનું જ છે, તેમ અંતરની સાક્ષીમાં 'હું જ્ઞાયક છું...જ્ઞાયક છું...રાગાદિ તે હું નહિ'—એમ સંસ્કાર નાખે તેને કાર્ય (સમ્યગ્દર્શન) થવાનું જ.

—પૂજ્ય ગુરુદેવશ્રીના આશીર્વાદ

કહાન સંવત-૬ * (૫૧૭) * આત્મધર્મ * (અંક-૫ વર્ષ-૪૩) * વીર સં. ૨૫૧૩ નવેમ્બર, ૧૯૮૬

# દેહવાસી-નિજદેવમાં અને પરમાત્મામાં ફેર ન જાણ !

[ શ્રી યોગસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં.-૪૪ )

આ શ્રી યોગસાર શાસ્ત્ર ચાલે છે. તેની ૧૦૪ ગાથા ચાલે છે. યોગીન્દ્રદેવ કહે છે કે આત્મા પોતે જ પંચ-પરમેષ્ઠી છે.

આત્મા તે અર્હંત છે, સિદ્ધ નિશ્ચયે એ જ,
આચારજ, ઉવઝાય ને સાધુ નિશ્ચય તે જ. ૧૦૪.

નિશ્ચયદૃષ્ટિ અર્થાત્ યથાર્થ દૃષ્ટિથી જુઓ તો, આત્મા જ અર્હંત છે એમ જાણો. અર્હંત, સિદ્ધ, આચાર્ય આદિના પર્યાયો આત્માના ધ્રુવપદમાં–અંતરમાં શક્તિરૂપે પડી છે.

આત્મામાં વર્તમાન દશામાં અલ્પજ્ઞાન, અલ્પદર્શન, અલ્પવીર્ય અને રાગ-દ્વેષાદિની વિપરીતતા છે. એ તો ક્ષણિક અવસ્થા છે પણ અંતરમાં તો, અર્હંતના જેવા અનંત ચતુષ્ટય ત્રિકાળ પડયાં છે.

પ્રવચનસારની ૮૦મી ગાથામાં આવે છે કે અર્હંતનું દ્રવ્ય એટલે શક્તિવાન, તેના ગુણ એટલે શક્તિ અને તેની વર્તમાન અવસ્થાને જે જાણે છે તે પોતાના આત્માના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે છે એટલે કે અર્હંતના દ્રવ્ય-ગુણ-પર્યાય સાથે પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયને મેળવે છે કે મારામાં પણ અર્હંત જેવા જ દ્રવ્ય-ગુણ છે. મારા સ્વભાવમાં અનંત જ્ઞાન-દર્શન, સુખ આદિ સ્વભાવો છે તે પ્રગટ થશે. જે હોય તે પ્રગટ થાય, ન હોય તો ક્યાંથી આવે ? આહાહા ! રાગ રહિત નિર્વિકલ્પ શ્રદ્ધા વડે હું અર્હંત જેવો જ છું એવી પ્રતીતિ થઈ શકે છે.

ભગવાન આત્મા એટલે કારણ પરમાત્મામાં અર્હંતપદનું કારણ પડયું છે તે પ્રગટ થાય છે. તૃષા લાગી હોય તો, પાણી હોય તો તૃષા છીપે. તેમ અર્હંતપદ અંતરમાં હોય તો તેમાં એકાગ્રતા કરવાથી પર્યાયમાં તે પ્રગટ થાય. પાણી ન હોય તો તૃષા ન છીપે, તેમ અંતરમાં અર્હંતપદ ન હોય તો પર્યાયમાં પ્રગટ ક્યાંથી થાય ?

અહીં યોગસારની આ ૧૦૪ ગાથામાં જે વાત છે એ જ વાત મોક્ષપાહુડની ૧૦૪ મી ગાથામાં છે, તેનો અહીં આધાર આપ્યો છે.

અરે ! આ તત્વનો ભરોસો પણ કોને થાય ? ભાઈ ! તારી દશામાં ભલે અલ્પજ્ઞાન હો પણ તું સર્વજ્ઞસ્વભાવી છો, દશામાં ભલે અલ્પદર્શન હો પણ સર્વદર્શિત્વ સ્વભાવ અંદરમાં છે, પર્યાયમાં ભલે અલ્પવીર્ય છે પણ આત્મા અનંતવીર્યનું ધામ છે, પર્યાયમાં

[ અનુસંધાન માટે જુઓ પાનું ૨૫ ]

કહાન
સંવત-૬
વર્ષ-૪૩
અંક-૫
[ ૫૧૭ ]

વીર
સંવત
૨૫૧૩
A. D. 1986
NOV.




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# કહાન-ગુરુ પ્રસાદ

## ※ ભગવાન આત્મા સદા શિવમય છે, કલ્યાણમય છે ※

પ્રગટપણે સદાશિવમય (-નિરંતર કલ્યાણમય) એવા પરમાત્મ-તત્ત્વને વિષે ધ્યાનાવલી હોવાનું પણ શુદ્ધનય કહેતો નથી. ' તે છે ( અર્થાત્ ધ્યાનાવલી આત્મામાં છે ) ' એમ ( માત્ર ) વ્યવહારમાર્ગે સતત કહ્યું છે. હે જિનેન્દ્ર ! આવું તે તત્ત્વ (-તેં નય દ્વારા કહેલું વસ્તુસ્વરૂપ ), અહો ! મહા ઇન્દ્રજાળ છે. ૧૧૯

હે નાથ ! તારી નયની વ્યાખ્યા ઇન્દ્રજાળ જેવી છે. ઇન્દ્રજાળ એકકોર વિસ્તારે ને બીજી કોર સંકેલે, તેમ નયની વ્યાખ્યા એકકોર વિસ્તારે ને એકકોર સંકેલી લે કે અંદર જા. આ આત્મા પ્રગટપણે સદા શિવમય છે, શક્તિ અપેક્ષા શિવમય છે જ પણ પ્રગટપણે સદા શિવમય છે. વિશેષ મહિમા કરીને કહેતા નથી પણ વસ્તુસ્વરૂપ જ એવું છે. સદાશિવમય છે. સદા કલ્યાણ સ્વરૂપ છે. આ વાત વિશ્વાસમાં લીધા પછી તેને સમકિત થાય.

ભગવાન આત્મા સદા શિવમય છે એટલે કે ત્રિકાળ કલ્યાણમય છે, ત્રિકાળ કલ્યાણ-મૂર્તિ પ્રભુ છે. વસ્તુ સદા કલ્યાણમય છે. પોતે સદા શિવમય નિજ પરમાત્મસ્વરૂપ છે. એવા પરમાત્મતત્ત્વને વિષે ધ્યાનાવલી હોવાનું પણ શુદ્ધનય કહેતો નથી. અમૃતનો સાગર

એવા પરમાત્મતત્ત્વ વિષે ધ્યાનની પંક્તિ–ધ્યાનની પર્યાય હોવાનું પણ પરમ શુદ્ધનય કહેતો નથી.

ભગવાન તું બીજું તો ભૂલી જા, પણ ધ્યાન કરવું ને ધ્યાનની ધારા વધવી એવી પર્યાયની વાત પણ પરમાત્મતત્ત્વને વિષે નથી. સદા કલ્યાણમય ધ્રુવતત્ત્વમાં ધ્યાન ને ધ્યાનના ભેદો નથી. અતીન્દ્રિય આનંદનો અનુભવ જે વધતો વધતો કેવળજ્ઞાન લ્યે એવી ધ્યાનની ધારા પણ ધ્રુવતત્ત્વને વિષે હોવાનું પણ શુદ્ધનય કહેતો નથી. રાગ, કર્મ કે શરીરની શું વાત કરવી? પણ જે ધર્મધ્યાન, નિર્મળદશા એ પણ ત્રિકાળી સ્વભાવમાં નથી.

વસ્તુ જે આત્મા છે તે નિરંતર કલ્યાણમય, નિરંતર આનંદમય, નિરંતર પ્રભુમય, નિરંતર અખંડ વીર્યમય પરમાત્મતત્ત્વ છે, એવા પરમાત્મતત્ત્વ ભગવાન આત્માને વિષે ધ્યાનની પર્યાય હોવાનું કહેતા પણ લજ્જા આવે છે! એમાં દયા–દાન આદિના પરિણામ છે એ વાત તો ક્યાં રહી? પણ ધ્યાનના પરિણામ હોવાનું પણ શુદ્ધનય કહેતો નથી. શુદ્ધનય તો એમ કહે છે કે સદા શિવમય પરમાત્મતત્ત્વ છે.

પરમ સત્તા ત્રિકાળ ધ્રુવ તેમાં ધ્યાનની પર્યાય હોવાનું શુદ્ધનય કહેતો નથી. નિશ્ચય ધર્મધ્યાન ને શુકલધ્યાન છે એમ માત્ર વ્યવહારમાર્ગે કહ્યા છે. પર્યાયના ભેદો તો વ્યવહાર માર્ગે કહ્યા છે. પૂર્ણાનંદનો નાથ નિરંતર રહેનારો તે નિશ્ચય છે ને નિરંતર નહીં રહેનારી પર્યાય–ધર્મધ્યાનની શુદ્ધતાની પર્યાય તે વ્યવહાર છે. શુદ્ધનય ત્રિકાળીમાં ધ્યાનાવલીને હોવાનું કહેતો નથી. વ્યવહારનય 'ધ્યાનાવલી છે' તેમ કહે છે, પરંતુ પૂર્ણાનંદની પર્યાય હોવાનું પણ શુદ્ધનય કહેતો નથી. માત્ર વ્યવહારમાર્ગે પર્યાય હોવાનું કહ્યું છે.

એકકોર ધ્યાન હોવાનું શુદ્ધનય કહેતો નથી ને એકકોર ધ્યાનની પર્યાય હોવાનું વ્યવહારમાર્ગે કહેલ છે. આવું તત્ત્વ મહા ઇન્દ્રજાળ જેવું છે. પર્યાયની વાત કરતાં વિસ્તાર પામે ને દ્રવ્યની વાત કરતાં સંકેલાતું જાય આવું તે તત્ત્વ ઇન્દ્રજાળ જેવું છે.

[ –શ્રી નિયમસાર કલશ–૧૧૯ ઉપરના પ્રવચનમાંથી ]

## * પરમાત્મતત્ત્વમાં ધ્યાનાવલી કઈ રીતે ઊપજી? *

સમ્યગ્જ્ઞાનનું આભૂષણ એવું આ પરમાત્મતત્ત્વ સમસ્ત વિકલ્પસમૂહોથી સર્વતઃ મુક્ત (–સર્વ તરફથી રહિત) છે. (આમ) સર્વનયસમૂહ સંબંધી આ પ્રપંચ પરમાત્મતત્ત્વમાં નથી તો પછી તે ધ્યાનાવલી આમાં કઈ રીતે ઊપજી (અર્થાત્ ધ્યાનાવલી આ પરમાત્મતત્ત્વમાં કેમ હોઈ શકે) તે કહો. ૧૨૦

સમ્યગ્જ્ઞાનનું આભૂષણ એવું જે પરમાત્મતત્ત્વ તેમાં દયા–દાન આદિના વિકલ્પોનો સમૂહ નથી. આવા આત્માને અંદર ઓળખવો, ઓળખીને શ્રદ્ધા કરવી તેનું નામ ધર્મ છે. સમસ્ત વિકલ્પો એટલે કે દયા–દાન આદિનો રાગ કે ગુણ–ગુણીના ભેદનો રાગ જ્ઞાનથી શોભતા આત્મતત્ત્વમાં નથી.

પરમાત્મતત્ત્વ જ્ઞાનથી શોભાવાળું છે, તે દયા–દાન આદિ રાગથી પમાય એવું નથી. એ પરમાત્મતત્ત્વમાં સમસ્ત વિકલ્પો તો નથી પણ વ્યવહારનય આદિ સર્વનય સંબંધી આ પ્રપંચ પણ તેમાં નથી. જ્યારે આ નથી તો ધ્યાનાવલી આમાં કઈ રીતે ઊપજી? આત્મા શુદ્ધ ચૈતન્યઘન આનંદકંદ પ્રભુમાં ધ્યાનની પર્યાય ક્યાં છે?

ભગવત્ સ્વરૂપમાં જગત તરફના વિકલ્પોનો સમૂહ તો નથી, નયસમૂહના રાગનો પ્રપંચ પણ નથી; ત્યારે ધ્યાનની શ્રેણીની ધારા–શુદ્ધિની ધારા તેમાં ક્યાં છે? એ તો જ્ઞાનાનંદથી શોભિત તત્ત્વ છે, તેમાં નિર્મળ ધ્યાનધારાની શ્રેણી પણ ક્યાં છે? ચૈતન્યની શોભા જ્ઞાન ને આનંદથી છે, જ્ઞાયકસ્વભાવી છે, એવા પરમાત્મતત્ત્વમાં પરસંબંધી જેટલા વિકલ્પો ઊઠે, આત્મસંબંધી પણ જે વિકલ્પો ઊઠે તે તો નથી પણ શુદ્ધ ચૈતન્યનું ધ્યાન કરનારી શુદ્ધતાની ધારા પણ સ્વરૂપમાં ક્યાં છે? ધ્યાનની ધારા તો વ્યવહારનો વિષય છે, સમ્યગ્દર્શનનો વિષય નથી.

ધ્યાનની ધારાની પરિણતિ પણ તારામાં નથી, માટે ત્યાં દૃષ્ટિ ન કર! વસ્તુ જે ધ્યેયરૂપ છે તેમાં ધ્યાનની ધારા પણ નથી. પરમાત્મતત્ત્વમાં વિકલ્પસમૂહ તો નથી પણ ધ્યાનાવલી-ધ્યાનની શ્રેણી પણ તેમાં નથી.

શાશ્વત સચ્ચિદાનંદ જ્ઞાનાનંદથી શોભિત ધ્રુવતત્ત્વમાં વિકલ્પોનો તો અવકાશ નથી પણ ધ્યાનાવલી પણ તેનાથી બહાર રહે છે, તેનો પણ તેમાં પ્રવેશ નથી. વિકલ્પ તો રાગ છે, દુઃખ છે પણ મોક્ષનો માર્ગ છે તે સુખ છે, તે પણ દૃષ્ટિના વિષયભૂત વસ્તુમાં નથી. એ વસ્તુમાં ધ્યાનાવલીની પર્યાય આવી ક્યાંથી? જે પર્યાયમાં વસ્તુ જણાય છે એ પર્યાય પણ વસ્તુમાં નથી.

સ્ત્રી–કુટુમ્બ–પૈસો–આબરૂ–મકાન એ તો એની પર્યાયમાં પણ નથી પણ એની પર્યાયમાં એ સંબંધી જે રાગ છે એ પરમાત્મતત્ત્વમાં નથી. પરસંબંધી વિકલ્પ તો તેમાં નથી પણ સ્વસંબંધી ગુણ–ગુણીના ભેદોનો વિકલ્પ, નિશ્ચય–વ્યવહારનય સંબંધી વિકલ્પો પણ તારામાં નથી. એ તો નથી પણ પર્યાયમાં ધ્યાનની ધારા છે કે જે શુદ્ધ શુદ્ધ શુદ્ધ એમ વધતી જ જાય છે એ ધ્યાનાવલી પણ તારામાં નથી, એવો મહા પ્રભુ તું છો–એની દૃષ્ટિ થવી તે ધર્મ છે. [–શ્રી નિયમસાર, કલશ–૧૨૦ ઉપરના પ્રવચનમાંથી]

* અરેરે ! ખેદ છે કે ત્રિકાળી જ્ઞાયકને જીવે પૂર્વે કદી સાંભળ્યો–આચર્યો નથી *

જે મોક્ષનું કાંઈક કથનમાત્ર (-કહેવામાત્ર) કારણ છે તેને પણ (અર્થાત્ વ્યવહાર-રત્નત્રયને પણ) ભવસાગરમાં ડૂબેલા જીવે પૂર્વે ભવભવમાં (-ઘણા ભવોમાં) સાંભળ્યું છે અને આચર્યું (-અમલમાં મૂક્યું) છે; પરન્તુ અરેરે ! ખેદ છે કે સર્વદા એક જ્ઞાન છે તેને (અર્થાત્ જે સદા એક જ્ઞાનસ્વરૂપ જ છે એવા પરમાત્મતત્ત્વને) જીવે સાંભળ્યું-આચર્યું નથી, નથી. ૧૨૧.

જે મોક્ષનું કાંઈક કથનમાત્ર કારણ છે એટલે કે વ્યવહાર રત્નત્રય મોક્ષનું કારણ નથી પણ કથનમાત્ર–કહેવામાત્ર કારણ છે. બાર અંગમાં જેટલું વ્યવહારનું કથન છે એ તો કથનમાત્ર વાત છે. વ્યવહાર મોક્ષમાર્ગ કહેવામાં આવ્યો એ કથનમાત્ર વાત છે. નિમિત્ત છે એટલું કહેવામાત્ર વાત છે. દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધા, પંચ મહાવ્રત એ કથનમાત્ર મોક્ષમાર્ગ છે એટલે કે એ મોક્ષમાર્ગ નથી પણ નિમિત્ત છે એટલું કહેવામાત્ર કથન છે. એવો વ્યવહાર ભવસાગરમાં ડૂબેલા જીવે અનંતવાર કર્યો. વ્યવહાર છે તે પોતે જ ભવ છે ને ભગવાન એ વ્યવહારથી રહિત છે.

ભવસાગરમાં ડૂબેલા જીવે વ્યવહારરત્નત્રયની વાત પૂર્વે ઘણા ભવોમાં સાંભળી પણ છે, મીઠી પણ લાગી છે ને આચરી પણ છે. વ્રત-તપ આદિ કરો, શુભ વિકલ્પરૂપ ધ્યાન કરો—એ વાત ઘણાં ભવોમાં સાંભળી છે, મીઠી લાગી છે ને અમલમાં મૂકી છે. વ્યવહાર-રત્નત્રયથી ધર્મ થાય એ વાત ભવોભવમાં–ઘણાં ભવોમાં સાંભળી છે ને સાંભળીને અમલમાં મૂકી છે. દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા અનંતવાર કરી છે.

સંસારસમુદ્રમાં ડૂબેલા જીવે અનંતવાર વ્યવહાર-રત્નત્રયને સાંભળ્યો છે ને આચર્યો પણ છે, પણ અરે ! ખેદ છે કે જે સર્વદા એક જ્ઞાન છે એટલે કે જેમાં રાગ પણ નથી, દયા-દાન આદિ પણ નથી એવા ત્રિકાળી જ્ઞાયક એકરૂપ ભગવાનને જીવે સાંભળ્યો–આચર્યો નથી. જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય પ્રકાશનો પુંજ જ્ઞાયકપ્રભુ અચેતન—જ્ઞાનાંશથી ખાલી એવા પુણ્ય–પાપરૂપ–જડરૂપ કદી થયો જ નથી. ચૈતન્ય પ્રકાશના પુંજમાં પુણ્ય–પાપના અંધકારનો અભાવ છે. અરે ! ચૈતન્ય પ્રકાશના પુંજમાં તેની એક સમયની પર્યાયનો પણ અભાવ છે ત્યાં પુણ્ય–પાપનો અંધકાર કેમ હોય ? તેનો તો ચૈતન્ય પ્રકાશમાં અભાવ છે.

જે સર્વદા એક જ્ઞાન છે એટલે કે મતિ-શ્રુત આદિ પર્યાય પણ નહીં પણ જે એક જ્ઞાનસ્વરૂપ છે એવા પરમ સ્વભાવભાવને જીવે કદી સાંભળ્યો–જોયો નથી. ૧૧ અંગ ભણીને નવમી ગ્રૈવેયક ગયો છતાં સાંભળ્યું નથી ?—કે સાંભળીને અંદર ઊતર્યો નથી તેથી સાંભળ્યું પણ નથી ને આચર્યું પણ નથી. અરેરે ! ખેદ છે કે જીવે એક જ્ઞાયકસ્વરૂપ

પરમાત્મતત્ત્વને કદી સાંભળ્યું નથી; આચર્યું નથી.

અરેરે! ખેદ છે કે જ્ઞાનસ્વરૂપ પરમાત્મતત્ત્વ પોતે છે પણ તેની સામું કદી જોયું નથી, નથી. નિર્વિકલ્પ જ્ઞાનથી સર્વદા એકરૂપ જ્ઞાન છે તે જણાય છે પણ અજ્ઞાનીએ કદી એને જાણ્યો નથી. વીતરાગે કહેલો વ્યવહાર છે, નથી એમ નથી, વ્યવહાર છે ખરો અને એનું ફળ છે ખરું, એનું ફળ સંસાર છે ખરું, અસ્તિ છે ખરી પણ વસ્તુમાં એ નથી. અરે! એ વસ્તુને જાણનારી પર્યાય પણ વસ્તુમાં નથી. નિર્વિકલ્પ જ્ઞાનની પર્યાય, સદા એકરૂપ વસ્તુને જાણનારી પર્યાય પણ વસ્તુમાં નથી. નિર્વિકલ્પ જ્ઞાનની પર્યાય સદા એકરૂપ વસ્તુને તેમાં ભળ્યા વિના જાણે છે. જ્ઞાનની પર્યાય પોતાના અસ્તિત્વમાં રહીને, જ્ઞાયકમાં ભળ્યા વિના સર્વદા એકરૂપ નિત્ય વસ્તુને જાણે છે.

કહેવામાત્ર જે મોક્ષનું કારણ છે, વચનમાત્ર મોક્ષનું કારણ છે; કારણ છે એટલે? —કે કહેવામાત્ર કારણ છે, વાસ્તવિક કારણ નથી એવો વ્યવહારરત્નત્રય જીવે ઘણાં ભવોમાં સાંભળ્યો ને આચર્યો છે પણ અરેરે! જે સર્વદા એક જ્ઞાનસ્વરૂપ છે એવા નિજ પરમાત્મતત્ત્વને જીવે કદી સાંભળ્યો કે આચર્યો નથી, નથી, એ ખેદજનક છે એમ મુનિરાજ કરુણાપૂર્વક કહે છે. [—શ્રી નિયમસાર, કળશ–૧૨૧ ઉપરના પ્રવચનમાંથી ]

## * સમસ્ત વિભાવ તથા વ્યવહારરત્નત્રયને છોડીને નિજ દ્રવ્યનો આશ્રય કર *

**સમસ્ત વિભાવને તથા વ્યવહારમાર્ગના રત્નત્રયને છોડીને નિજતત્ત્વવેદી (નિજ આત્મતત્ત્વને જાણનાર–અનુભવનાર) મતિમાન પુરુષ શુદ્ધ આત્મતત્ત્વમાં નિયત (-શુદ્ધાત્મતત્ત્વપરાયણ) એવું જે એક નિજજ્ઞાન, બીજું શ્રદ્ધાન અને વળી બીજું ચારિત્ર તેનો આશ્રય કરે છે. ૧૨૨**

સમસ્ત વિભાવને તથા વ્યવહારમાર્ગના રત્નત્રયને છોડીને નિજ દ્રવ્યના આશ્રયે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર થાય. વિકલ્પો છે તેને તો છોડ પણ દેવ–શાસ્ત્ર–ગુરુની શ્રદ્ધા, પંચમહાવ્રતાદિના વિકલ્પરૂપ વ્યવહારરત્નત્રયને છોડીને વ્યવહારરત્નત્રયથી નહીં પણ તેને છોડીને નિજ આત્મદ્રવ્યના આશ્રયે નિશ્ચયરત્નત્રય થાય. સમસ્ત વિભાવને તથા વ્યવહારરત્નત્રયને છોડીને કરવું શું?—કે સીધો આત્માનો આશ્રય કરવો. અરે! ૫૦ મી ગાથામાં તે નિર્મળ પર્યાયને પણ પરદ્રવ્ય કહીને તેનો આશ્રય છોડાવ્યો છે ને સ્વદ્રવ્યનો આશ્રય કરાવ્યો છે તો વ્યવહારરત્નત્રયનો આશ્રય છોડ! શ્રી સમયસારમાં વ્યવહારરત્નત્રયના પુણ્યને તો પાપ કહ્યું છે, કેમ કે સ્વરૂપમાંથી પતિત થાય છે. તેથી વ્યવહારરત્નત્રયના વિકલ્પને છોડ એ શરૂઆતથી જ વાત છે, દર્શનશુદ્ધિની આ વાત છે.

વ્યવહારરત્નત્રયને છોડીને નિજતત્ત્વવેદી એટલે કે વ્યવહારરત્નત્રય પર છે તેને છોડીને નિજ આત્મતત્ત્વને અનુભવનાર પુરુષ મતિમાન છે, બુદ્ધિમાન છે, પંડિત છે ને

વિચિક્ષણ છે. વ્યવહારમાં રોકાતો તે મતિમાન ન હતો પણ વ્યવહારને છોડીને અંદરમાં આવે છે તે પુરુષને ભલે બુદ્ધિ થોડી હોય તોપણ તે મતિમાન છે. વ્યવહારને છોડીને નિજ-તત્ત્વમાં પરાયણ એવું જે એક નિજ જ્ઞાન નિજ શ્રદ્ધાન ને ચારિત્ર તેનો નિજતત્ત્વવેદી મતિમાન પુરુષ આશ્રય કરે છે. પૂરણ શુદ્ધ નિજ આત્મતત્ત્વમાં પરાયણ એવું જે જ્ઞાન-શ્રદ્ધાન ને ચારિત્ર તેનો તત્ત્વવેદી મતિજ્ઞાન પુરુષ આશ્રય કરે છે. આ એક જ કરવાનું છે.

[ —શ્રી નિયમસાર, કળશ ૧૨૨ ઉપરના પ્રવચનમાંથી ]

## * આત્મધ્યાન સિવાય બીજું બધું ઘોર સંસારનું મૂળ છે *

આત્મધ્યાન સિવાયનું બીજું બધું ઘોર સંસારનું મૂળ છે, (અને) ધ્યાન-ધ્યેયાદિક સુતપ ( અર્થાત્ ધ્યાન, ધ્યેય વગેરેના વિકલ્પવાળું શુભ તપ પણ) કલ્પનામાત્ર રમ્ય છે;—આવું જાણીને ધીમાન (-બુદ્ધિમાન પુરુષ ) સહજ પરમાનંદરૂપી પીયૂષના પૂરમાં ડૂબતા (-લીન થતા ) એવા સહજ પરમાત્માનો એકનો આશ્રય છે. ૧૨૩.

આત્મધ્યાન સિવાયનું બીજું બધું ઘોર સંસારનું મૂળ છે. એક જ્ઞાનસ્વરૂપ પ્રભુને ધ્યેય બનાવીને ધ્યાન કરવું એ સિવાય બીજું બધું એટલે કે શુભ ને અશુભાવ ઘોર સંસારનું મૂળ છે. દયા-દાન આદિના રાગથી પણ ભિન્ન આત્માનું ધ્યાન—એ સિવાયનો જે કોઈ વિકલ્પ તે ઘોર સંસારનું મૂળ છે. પૂજા-ભક્તિનો શુભભાવ હો પણ તે ઘોર સંસારનું મૂળ છે. આત્મા ચિદાનંદ સહજાનંદ જ્ઞાનસ્વરૂપ છે, તેને ધ્યેય બનાવીને ધ્યાન કરવું એ સિવાય જેટલો શુભ-અશુભ વિકલ્પ છે તે ઘોર સંસારનું મૂળ છે.

એકકોર આત્મધ્યાન ને એકકોર બીજું બધું—એ ઘોર સંસારનું મૂળ છે. અરે, ધ્યાન ને ધ્યેયનો વિકલ્પ એ પણ કલ્પનામાત્ર રમ્ય છે. આત્મા ધ્યેય કરવા લાયક છે ઇત્યાદિ ધ્યેય-ધ્યાનનો સુતપ-વિકલ્પવાળું શુભ તપ એ પણ કલ્પનામાત્ર રમ્ય છે. ક્રિયાકાંડ તો ક્યાંય રહ્યા પણ ધ્યાન ને ધ્યેયનો શુભ વિકલ્પ એ પણ કલ્પનામાત્ર રમ્ય છે. વિકલ્પવાળું શુભ તપ પણ કલ્પનામાત્ર રમ્ય છે.

આત્માના ધ્યાન સિવાય બધુંય ઘોર સંસારનું મૂળ છે અને આત્માના ધ્યાનમાં ન રોકાતા ધ્યાન સંબંધી વિકલ્પમાં રોકાયો એ પણ કલ્પનામાત્ર રમ્ય છે. આવું જાણીને ધીમાન્ એટલે કે બુદ્ધિમાન પુરુષ સ્વાભાવિક પરમાનંદરૂપી પીયૂષ—અમૃત તેના પૂરમાં ડૂબતા એવા સહજ પરમાત્માનો એકનો જ આશ્રય કરે છે.

શુભ ને અશુભભાવ તો નહીં, ધ્યાનની કલ્પના તો નહીં પણ બુદ્ધિમાન પુરુષો સહજ પરમાત્માનો એકનો જ આશ્રય કરે છે. પરમાનંદરૂપી અમૃતના પૂરમાં ડૂબતા એવા એક સહજ નિજ પરમાત્માનો ધીમાન્ આશ્રય કરે છે. શુભાશુભ તો ઘોર સંસાર,

ધ્યાનનો વિકલ્પ તો કલ્પનામાત્ર રમ્ય તેથી તેને છોડીને સહજ પરમાનંદરૂપી પીયૂષના પૂરમાં લીન એવા સહજ નિજ પરમાત્માનો એકનો જ ધીમાન્ આશ્રય કરે છે. ગુણ-ગુણીના ભેદનો કે પર્યાયનો પણ નહીં, એક સહજ પરમાત્મતત્ત્વનો આશ્રય કરે તેનું નામ સમ્યગ્દર્શન ને ધર્મ છે.

જેમાં એકલો અમૃત ને આનંદ ભર્યો છે, જેનું અતીન્દ્રિય આનંદ એક લક્ષણ છે એવા આત્માને અનુભવવો તે ધર્મ છે. એકલો પરમાનંદસ્વરૂપ આત્મા તેનો આશ્રય કરે તો ધર્મ થાય. [ —શ્રી નિયમસાર, કળશ-૧૨૩ ઉપરના પ્રવચનમાંથી ]

## કેવળજ્ઞાન હો અલ્પજ્ઞાન હો કે અજ્ઞાન હો

## * ચૈતન્યવસ્તુ તો એવી ને એવી જ સદાય રહે છે *

આત્મા તો અનંત શક્તિનો પિંડ છે. આનંદ સ્વરૂપ, સ્વચ્છત્વ સ્વરૂપ આદિ અનંત શક્તિઓ આત્મામાં છે. આત્મામાં દૃષ્ટિ સ્થાપતાં—બહારમાં દૃષ્ટિ સ્થાપી છે તેથી સંસાર છે તે દુઃખ છે, અંતરમાં દૃષ્ટિ સ્થાપિત કરતાં—અંદરમાંથી બહુ વિભૂતિ પ્રગટે છે.

વર્તમાન દશામાં રાગ છે તે દુઃખ છે, આત્મામાં દૃષ્ટિ કરતાં તે દૂર થાય છે ને બહુ વિભૂતિ પ્રગટ થાય છે. બહારની ચીજની દૃષ્ટિ છોડી પોતાની ચીજની મહિમા લાવીને અંતરમાં દૃષ્ટિ સ્થાપ; તને બહુ વિભૂતિ પ્રગટશે. જાણવા—દેખવાના ઉપયોગનું લક્ષ પર ઉપર છે તે ઉપયોગ સ્થૂળ ઉપયોગ છે, જડ ઉપયોગ છે, તેનાથી આત્મા ન પકડાય. પુણ્ય-પાપના વિકારીભાવથી આત્મા ન પકડાય. સૂક્ષ્મ જ્ઞાન ને દૃષ્ટિ કરે તો આત્મા પકડાય. અંતરમાં આત્મામાં અનંત ગુણોનો દરબાર ભર્યો છે પણ માથે અજ્ઞાનનું તાળું માર્યું છે.

ઉપયોગ એટલે જાણવા-દેખવાનો ભાવ. એ ઉપયોગને સૂક્ષ્મ કરીને અંતરમાં જવાથી ઘણી સ્વભાવભૂત રિદ્ધિ-સિદ્ધિઓ પ્રગટે છે. જાણન-દેખન પરિણામને સૂક્ષ્મ કરીને અંતરમાં જવાથી ઘણી રિદ્ધિ સિદ્ધિઓ પ્રગટે છે. શાંતિ આનંદ સ્વચ્છતા આદિ રિદ્ધિઓ પ્રગટે છે, એનું નામ ધર્મ છે.

પ્રભુ ! એકવાર તો પરની નજર છોડ ! તારામાં આનંદનો નાથ ભર્યો છે, ત્યાં એકવાર નજર તો કર ! જ્ઞાનસાગર સુખસાગર ભગવાન આત્મા છે. જેમ દરિયામાં ગમે તેવી જોરદાર લહેર ઊછળે છતાં દરિયો-સમુદ્ર ઘટવધ થતો નથી. તેમ અનંતકાળથી દશામાં શુભાશુભ થયા તોપણ ચૈતન્યસમુદ્રમાં વધઘટ થઈ નથી. આ તો ઠીક પણ જ્ઞાનસ્વરૂપમાં એકાગ્ર થઈને વિશેષ એકાગ્ર થતાં કેવળજ્ઞાન થાય અને અનંતકાળ સુધી કેવળજ્ઞાન વહ્યા કરે તોપણ દ્રવ્ય તો જેવું ને તેવું જ રહે છે. જેમ શુભાશુભ ભાવ દશામાં અનંત કાળથી થાય છે તોપણ વસ્તુમાં ન્યૂનાધિકતા થઈ નથી તેમ જ્ઞાનની જેટલી શક્તિ છે

તેટલી પૂરણરૂપે પ્રગટે અર્થાત્ કેવળજ્ઞાન થતાં અનંતકાળ કેવળજ્ઞાન વહ્યા કરે છતાં વસ્તુ તો જેવી છે તેવી જ રહે છે, તેમાં કાંઈ ન્યૂનાધિકતા થતી નથી.

આત્મા જ્ઞાનસાગર છે, તેમાં દૃષ્ટિ કરીને સ્થિરતાં કરતાં જ્ઞાનની પૂરણદશા—કેવળજ્ઞાન પ્રગટે છે, ને અનંતકાળ કેવળજ્ઞાન રહે છે તોપણ ચૈતન્યસ્વરૂપ વસ્તુ તો એવી ને એવી જ રહે છે. દ્રવ્યસ્વભાવ એકરૂપ ત્રિકાળ છે, મલિન પર્યાય થાય કે મલિનતા છોડી અલ્પ વિકસિત પર્યાય થાય કે પૂર્ણ વિકસિત કેવળજ્ઞાન થાય તોપણ વસ્તુમાં કાંઈ વધઘટ થતી નથી. જ્ઞાનસાગર, જ્ઞાનનો ભંડાર, જ્ઞાનની ઋદ્ધિથી ભરેલો પ્રભુ છે. તેની દૃષ્ટિ કરતાં પૂર્ણજ્ઞાન–કેવળજ્ઞાન આદિ પ્રગટે છે છતાં વસ્તુમાં કાંઈ વધઘટ થતી નથી. અનંત અનંત અનંતકાળ સુધી કેવળજ્ઞાન વહ્યા કરે છતાં વસ્તુ તો જેવી છે એવી ને એવી જ સદાય રહે છે.

[—'બહેનશ્રીનાં વચનામૃત' ઉપરના પ્રવચનમાંથી]

## વાણીનો જે વિષય નથી એવા આત્માને બતાવનાર
## * ગુરુ ને તેમની વાણી કેવી હોય? *

આ રીતે આદિ-અંત રહિત એવી આ આત્મજ્યોતિ સુલલિત (સુમધુર) વાણીનો કે સત્ય વાણીનો પણ વિષય નથી; તોપણ ગુરુનાં વચનો વડે તેને પામીને જે શુદ્ધ દૃષ્ટિવાળો થાય છે, તે પરમશ્રીરૂપી કામિનીનો વલ્લભ થાય છે (અર્થાત્ મુક્તિસુંદરીનો પતિ થાય છે.) ૧૬૯.

આદિ-મધ્ય-અંત રહિત એવી આ આત્મજ્યોતિ મીઠી મધુરી વાણીનો કે સત્ય વાણીનો વિષય નથી. મીઠી મધુરી વાણી કે સાચી વાણી એનો પણ વિષય ભગવાન આત્મા નથી. વાણી તો પોતાની જાતથી વિરુદ્ધ છે, તેથી સાચી વાણીનો પણ વિષય આત્મા નથી. મીઠી મધુરી વાણીનો તો વિષય નથી પણ વીતરાગની વાણી સત્યવાણી છે તેનો પણ વિષય નથી.

સમયસારની ગાથા ૩૧૭ માં કહ્યું કે જેમ સાકરવાળું દૂધ ઝેર છોડાવવા સમર્થ છે તેમ દ્રવ્યશ્રુત સંસાર છોડાવવા સમર્થ છે, પણ એ તો નિમિત્તથી કથન છે. સત્યવાણીનો વિષય નથી તોપણ ગુરુના વચનો વડે તેને પામી શકાય છે. ગુરુના એવા વચનો આવે કે પ્રભુ તું અપૂરણ નથી, વિકારી નથી, તને કોઈએ રોક્યો નથી. એમ દેશનાલબ્ધિથી પામી શકાય છે. આ અપેક્ષાથી કથન છે. કેમ કે ગુરુ ને કેવળીના વચનો તો અનંતવાર મળ્યા પણ જે પામી જાય તેને વચનો નિમિત્ત કહેવાય. વાણીથી પામી શકાય એવો તું નથી તોપણ તું પૂરણ પરમાત્મા પરમેશ્વર પ્રભુ છો એમ ઈશારો કરનાર ગુરુ જોઈએ. આમ કેમ કહ્યું?–કે ગુરુ વીતરાગને જ બતાવે છે, મારી ભક્તિ કર તો તને લાભ થશે એમ બતાવતા નથી એમ કહેવું છે. ગુરુએ પરમાર્થ સ્વરૂપ જ બતાવ્યું છે, અમારાથી થશે કે વાણીથી થશે એમ કહ્યું નથી.

સત્યવાણીનો તું વિષય નથી છતાં ગુરુ વીતરાગ સ્વભાવ બતાવે છે, તું તો વીતરાગભાવથી મળે એવો છો—એવા વચનોથી પામી શકાય એવો છો. અમારી ભક્તિથી ધર્મ થશે એ ગુરુની વાણી નહીં. જે સીધો પરમાત્મા બતાવે તે ગુરુની વાણી કહેવાય અને એ વાણી જોઈએ જ. સત્યવાણીનો વિષય નથી છતાં તું અખંડ ટંકોત્કીર્ણ જ્યોતિ છો એવી વાણી જ નિમિત્ત હોય. જેવી પરમાત્મસ્થિતિ છે તેવી બતાવે તેવી વાણી જ નિમિત્ત હોય તેમ અહીં બતાવવું છે. ગુરુ એમ કહે કે અમારા શબ્દોની પણ તને જરૂર નથી, તું તો ભગવત્ સ્વરૂપ છો, સાક્ષાત્ ટંકોત્કીર્ણ ચિદ્‌ઘન વજ્ર તું છો—એમ ગુરુની વાણી બતાવે છે. તેથી તે વાણીને નિમિત્ત કહેવામાં આવે છે. ગુરુના વચનો પામીને સુદૃષ્ટિવાળો થાય છે એટલે કે ગુરુની વાણી એવી જ છે કે તેણે સુદૃષ્ટિ બતાવી છે. બતાવનાર કેવા હોય, બતાવનારની વાણી કેવી હોય અને તેનો ભાવ શું હોય–એ અહીં કહ્યું છે.

દિવ્યધ્વનિમાં એમ આવ્યું કે પરમાત્મસ્વરૂપ છો તેને પામ. તેથી એ વાણીથી પામ્યો એમ કહેવાયું, કેમ કે વાણીએ જે બતાવ્યું તેવો તે થયો ત્યારે એ વાણીથી પામ્યો એમ કહ્યું છે, પરંતુ અહીં વાણીથી થાય એમ કહેવું નથી પણ વાણી કેવી હોય તે બતાવવાનું વજન છે. જે પામ્યો તેવું જ ગુરુએ બતાવ્યું હતું.

આવું વસ્તુસ્વરૂપ બતાવે એવા જ ગુરુ મળવા જોઈએ. પુણ્યનો યોગ એવો હોવો જોઈએ કે ત્રિકાળીને બતાવે એવા જ ગુરુ મળવા જોઈએ. વચનથી પામી શકાતો નથી તોપણ તેને ગુરુ એવા મળ્યા હોય કે જે સુદૃષ્ટિ જ કરવાનું કહે. ભગવાન ત્રિકાળીનો આશ્રય કર તો તને પ્રભુ પ્રાપ્ત થશે–એમ ગુરુએ કહ્યું ને એણે એમ કર્યું ત્યારે તે સુદૃષ્ટિવાળો થાય છે. ગુરુની આવી વાણી સાંભળી તેને પ્રાપ્ત થાય જ, સુદૃષ્ટિ થાય જ એમ પણ કહ્યું.

ગુરુએ સુદૃષ્ટિ કરવાનું જ કહ્યું હતું તેથી જે સુદૃષ્ટિવાળો થાય છે તે પરમ અક્ષય જે કેવળજ્ઞાન તેનો વલ્લભ થાય છે એટલે કે તે મુક્તિસુંદરીનો પતિ થાય છે.

[ —શ્રી નિયમસાર, કળશ–૧૬૯ ઉપરના પ્રવચનમાંથી ]

## * સહજ તત્ત્વ ત્રિકાળ જયવંત વર્તે છે *

તત્ત્વોમાં તે સહજ તત્ત્વ જયવંત છે—કે જે સદા અનાકુળ છે, જે નિરંતર સુલભ છે, જે પ્રકાશવંત છે, જે સમ્યગ્દૃષ્ટિઓને સમતાનું ઘર છે, જે પરમ કળા સહિત વિકસિત નિજ ગુણોથી વિકસેલું (–ખીલેલું) છે, જેની સહજ અવસ્થા સ્ફુટિત (–પ્રકટિત) છે અને જે નિરંતર નિજ મહિમામાં લીન છે. ૧૭૬.

ધ્રુવ જ્ઞાયકતત્ત્વ તો જયવંત વર્તે છે, તેમાં પલટો નથી, અપૂર્ણતા નથી, એવું ને એવું અનાદિકાળથી શુદ્ધ પવિત્ર આનંદનો સાગર જયવંત વર્તે છે—એમ ધર્મી કહે છે. જેને શુદ્ધ તત્ત્વ ભાસ્યું છે એ કહે છે કે મારું શુદ્ધ તત્ત્વ સદાય જયવંત વર્તે છે. જેને એ ભાસ્યું નથી એને ક્યાં ખબર છે કે જયવંત વર્તે છે?

સાત તત્ત્વોમાં જ્ઞાયક સિવાય આસ્રવ બંધ તથા સંવર આદિ તો ક્ષણિક છે, માટે એક સમયની પર્યાય ઉપર નજર ન દે, તે જ્ઞાનમાં ભલે જણાય પણ જે સર્વોત્કૃષ્ટ તત્ત્વ છે તેના ઉપર નજર દે, એના ઉપર જેણે નજર આપી છે એ એમ કહે છે કે મારું ત્રિકાળી તત્ત્વ જયવંત વર્તે છે.

ભગવાન આત્મા તો સદા અનાકુળ છે, આનંદસ્વરૂપ છે, તેમાં દુઃખની જરી છાંય પણ નથી; પણ તેમાં નજર દે તો ને! વસ્તુ છે તે સહજ છે, અનાદિની છે તે સતત સુલભ છે. એક સમયની અવસ્થાની પાછળ નજીકમાં ભગવાન આત્મા પડ્યો છે.

અંતર પડ્યા વિના, કર્મના વિઘ્ન વિના, રાગના વિઘ્ન વિના નિરંતર સુલભ છે. સહજ તત્ત્વના અભ્યાસે સતત સુલભ છે. ભગવાન આત્મા ચૈતન્ય પ્રકાશનું પૂર છે. આવી મહિમાવંત ચીજની મહિમા લાવીને અંદર ઉતરતો નથી ને બહારની ચીજમાં અટવાઈ ગયો છે!

આ દેહમાં જે ભગવાન બિરાજી રહ્યો છે તે રાગ વિનાનો છે, અરે! સંવર-નિર્જરા વિનાનો છે, એટલે કે પર્યાય વિનાનું ત્રિકાળી સહજ તત્ત્વ છે. એ ત્રિકાળી સહજ તત્ત્વ પ્રકાશવંત છે. તે સમ્યગ્દૃષ્ટિઓને સમતાનું ઘર છે એટલે કે વીતરાગતાનું ઘર છે, તેમાં દૃષ્ટિ દેતાં વીતરાગતા પ્રગટે છે.

ધર્મી જીવે સહજ તત્ત્વ ઉપર દૃષ્ટિ દીધી છે તેને તે વીતરાગતાનું ઘર છે. વીતરાગમૂર્તિમાંથી વીતરાગતા આવે છે. જેના ઘરમાં રાગ નથી પણ સમતાથી ભરેલું ઘર છે, તેના ઉપર દૃષ્ટિ દેતાં તેમાંથી સમતા પ્રગટે છે. આત્મામાં તો એકલી વીતરાગતા ભરી છે, તેમાં જેણે નજર કરી છે તેને તો તે વીતરાગતાનું ઘર છે. તેમાંથી તેને —સમ્યગ્દૃષ્ટિઓને સમતા પ્રગટે છે.

પરમ કળા સહિત વિકસિત નિજ ગુણોથી ખીલેલું છે. જેણે સહજ તત્ત્વનો આદર કર્યો છે તેને અનંતા ગુણો પર્યાયમાં ખીલેલા છે. અનંત અનંત ગુણોથી ખીલેલું સહજ તત્ત્વ છે, પણ કોને?—કે જેણે તે સહજ તત્ત્વની દૃષ્ટિ કરી છે તેને તે નિજ ગુણોથી ખીલેલું તત્ત્વ છે.

રાગ ને પર્યાયનો આદર છૂટીને જ્યાં સહજ તત્ત્વનો આદર થાય છે ત્યાં અનંતા ગુણો ખીલે છે—વિકસે છે તે ધર્મ છે. તેની સ્વાભાવિક અવસ્થા એટલે કે વીતરાગસ્વરૂપ તત્ત્વને દૃષ્ટિમાં લીધો તેને વીતરાગી સહજ અવસ્થા સ્ફુરિત છે—પ્રગટ છે. અજ્ઞાનીને દયા-દાન-કામ-ક્રોધ પ્રગટ થાય છે કે જે સ્વભાવમાં નથી, અને તેથી તે અધર્મ છે.

ભગવાન આત્મા અનંત ગુણની હયાતીથી ભરેલો છે, તેની સન્મુખ થતાં તેની દૃષ્ટિ કરી તેને અનંતગુણની પર્યાય પ્રગટ થઈ તે ધર્મ છે. રાગાદિ સહજ દશા નથી, વિકૃત દશા છે. સ્વાભાવિક વસ્તુની દૃષ્ટિ દેતાં સ્વાભાવિક દશા પ્રગટ થાય છે. એવા સહજ તત્ત્વને જેણે જોયું છે તેની નિર્મળ અવસ્થા નિજ મહિમામાં લીન છે. મુનિરાજને સહજ તત્ત્વને કહેવા માટે શબ્દ ઓછા પડે છે. અતીન્દ્રિય આનંદનો લાડવો છે. એવા સહજ તત્ત્વની નજર કરવી તેનું નામ આલોચના છે. [ શ્રી નિયમસાર, કળશ–૧૭૬ ઉપરના પ્રવચનમાંથી ]

* સકળ–વિમળ જ્ઞાનનું રહેઠાણ : સહજ પરમ તત્ત્વ *

**સમસ્ત તત્ત્વોમાં સહજ પરમતત્ત્વ નિર્મળ છે, સકળ-વિમળ (સર્વથા વિમળ) જ્ઞાનનું રહેઠાણ છે, નિરાવરણ છે, શિવ (કલ્યાણમય) છે, સ્પષ્ટ–સ્પષ્ટ છે, નિત્ય છે, બાહ્ય પ્રપંચથી પરાઙ્મુખ છે અને મુનિને પણ મનથી તથા વાણીથી અતિ દૂર છે; તેને અમે નમીએ છીએ. ૧૭૭.**

સાત તત્ત્વોમાં સહજ પરમ તત્ત્વ નિર્મળ છે. સંવર નિર્જરાની નિર્મળતા તો એક સમયની છે. ત્રિકાળી ધર્મીની દૃષ્ટિ થતાં ધર્મ દશા પ્રગટે એ તો પર્યાય છે. તેથી સાત તત્ત્વોમાં સહજ પરમ તત્ત્વ નિર્મળ છે. ત્રિકાળી વસ્તુ સ્વાભાવિક નિર્મળ છે. સંવર નિર્જરા મોક્ષ તો પ્રગટ થયેલી નિર્મળતા છે, વસ્તુ છે એ તો સહજ નિર્મળ છે.

ભગવાન આત્મા પૂરણ જ્ઞાનને રહેવા માટેનું રહેઠાણ છે. સર્વથા નિર્મળ જ્ઞાનનું રહેઠાણ વસ્તુ છે. દયા–દાનના રાગનું રહેઠાણ સહજ જ્ઞાન નથી પણ વિમળ જ્ઞાનનું રહેઠાણ સહજ તત્ત્વ છે. પ્રભુ તો ત્રિકાળ નિવારણ છે. પર્યાયમાં રાગનો સંબંધ છે, વસ્તુમાં રાગનો સંબંધ નથી. રાગ અને આવરણના કાળે પણ વસ્તુ છે એ તો નિરાવણર છે.

ત્રિકાળી સહજતત્ત્વ છે એ તો શિવસ્વરૂપ છે, કલ્યાણ સ્વરૂપ છે. રાગાદિના ઉપદ્રવ રહિત છે. દેહમાં બિરાજમાન ભગવાન આત્મા કલ્યાણની મૂર્તિ છે, શિવસ્વરૂપ છે, તેથી તેમાંથી અકલ્યાણ પ્રગટે એવી એ વસ્તુ નથી.

કેવો છે ભગવાન આત્મા?—કે સ્પષ્ટ–સ્પષ્ટ છે. બે વાર સ્પષ્ટ કહ્યું. કેમ કે પર્યાયમાં જણાયો તેથી પર્યાય પણ સ્પષ્ટ છે ને વસ્તુ પણ સ્પષ્ટ છે. વસ્તુ ગુપ્ત નથી. શક્તિવાળા તત્ત્વને અનુભવ્યું છે માટે પર્યાયમાં પણ સ્પષ્ટ દેખાયો ને વસ્તુ પણ સ્પષ્ટ છે, માટે સ્પષ્ટ સ્પષ્ટ છે.

ભગવાન આત્મા નિત્ય છે. સંવર–નિર્જરાની પર્યાય અનિત્ય છે. રાગની તો શું વાત કરવી! પણ અવિકારી દશા પ્રગટ થાય તે પણ અનિત્ય છે, નિત્ય નથી. ભગવાન આત્મા નિત્ય છે. એ નિત્ય રાગથી જણાય નહીં ને નિત્યથી પણ જણાય નહીં, અનિત્ય એવી અવિકારી દશાથી જણાય. નિત્યના અવલંબે અનિત્યમાં ધર્મ પ્રગટે છે.

બાહ્ય પ્રપંચથી પરાન્મુખ પ્રભુ છે, વિકલ્પના પ્રપંચથી પરાન્મુખ છે અને સાચા મુનિને પણ મન ને વાણીથી દૂર છે એટલે કે મુનિને પણ મન ને વાણીથી જણાય નહીં એવો ભગવાન આત્મા છે, તેને અમે નમીયે છીએ. * [ શ્રી નિયમસાર, કળશ–૧૭૭ ]

# 卐 દ્રવ્યસ્વભાવના આશ્રયે નિર્લેપતા પ્રગટ કર 卐

દ્રવ્ય સદા નિર્લેપ છે. પર્યાયમાં બધાથી નિર્લેપ રહેવા જેવું છે. ક્યાંય ખેદાવું નહિ, ખેંચાવું નહિ—ક્યાંય ઝાઝો રાગ કરવો નહિ. ૨૮૭.

[ 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

આ બોલમાં શબ્દો થોડા છે પણ ભાવો ઘણા ઊંડા છે.

દ્રવ્ય એટલે નિજ ત્રિકાળી જ્ઞાયક વસ્તુ; તે તો સ્વભાવ-અપેક્ષાએ સદા નિર્લેપ છે. ત્રિકાળી જ્ઞાયક ધ્રુવ દ્રવ્યસ્વભાવમાં શરીરનો, કર્મનો કે રાગનો કોઈ લેપ નથી. અહા! આવી વાત! આત્મામાં રાગ કે કર્મ વગેરે લેપ છે તે તો પર્યાય-અપેક્ષાએ છે, દ્રવ્ય-અપેક્ષાએ નહિ. દ્રવ્ય એટલે ત્રિકાળી ધ્રુવ વસ્તુ, તે તો સદાય નિર્લેપ પડી છે, તેમાં આવરણ, અશુદ્ધતા કે અલ્પતા કદી પ્રવેશી નથી; તે લેપ તો એક સમયવર્તી પર્યાયમાં છે.

હવે કહે છે કે—જો દ્રવ્યસ્વભાવ સદા નિર્લેપ જ છે, તો હવે પર્યાયમાં પણ બધાથી નિર્લેપ રહેવા જેવું છે. સ્વભાવે નિર્લેપ એવી જે જ્ઞાનાનંદસ્વભાવી નિજ ધ્રુવ જ્ઞાયક વસ્તુ તેનો અંદરમાં આશ્રય કરીને પર્યાયમાં રાગાદિ વિભાવભાવના તથા નિમિત્તના લેપથી રહિત થવું, જ્ઞાયકવસ્તુ દ્રવ્યસ્વભાવે જેવી છે તેવું પરિણમન પર્યાયમાં રહેવું તે કરવા જેવું છે. અહા! વસ્તુ આવી છે, સમજાય છે કાંઈ?

જ્ઞાનસ્વભાવ, દ્રવ્યસ્વભાવ—આત્મવસ્તુ જો સદાય નિર્લેપ છે તો તેનો અંતરમાં આશ્રય કરવાથી પર્યાયમાં પણ નિર્લેપતા રહે, રાગાદિ વિભાવનો કે નિમિત્તનો સંબંધ રહે નહિ. વસ્તુસ્વભાવ સદા નિર્લેપ પડયો હોવા છતાં તેના યથાર્થ ભાન વિના અનાદિથી સમયવર્તી પર્યાયમાં રાગ ને નિમિત્ત સાથે જે સંબંધ જોડયો હતો તે, નિર્લેપ ધ્રુવ જ્ઞાયકસ્વભાવના આશ્રયે તોડયો—જે જોડે તે જ તોડે—તેથી પર્યાયમાં નિર્લેપતા થઈ.

દ્રવ્ય જેવું નિર્લેપ છે તેવો પર્યાયમાં નિર્લેપ મોક્ષમાર્ગ થયો. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કહો કે નિર્લેપતા કહો—બન્ને એક જ વાત છે. ભગવાન નિર્લેપ આત્માના આશ્રયે પર્યાયમાં નિર્લેપતા પ્રગટે. એટલે શું? ભગવાન જ્ઞાયક આત્માનો આશ્રય કરવાથી જે પ્રતીતિ થઈ, જ્ઞાન થયું, રમણતા થઈ—પર્યાયમાં નિર્લેપતા, નિર્મળતા પ્રગટી તે એમ સાબિત કરે કે દ્રવ્ય સ્વભાવે સદા નિર્લેપ વસ્તુ છે. અહા! આવી વાતો છે! લોકોને સમજવામાં આકરી પડે; કારણ કે અભ્યાસ નથી ને! અત્યારે તો અભ્યાસ બધો ઊંધો ચાલે છે. જે અભ્યાસ કરવા લાયક છે તે છોડી દીધો છે અને

[ અનુસંધાન માટે જુઓ પાનું ૨૯ ]

## પર્યાયને ગૌણ કહી છતાં અનુભવમાં તો

# પર્યાયની જ મુખ્યતા છે

શાસ્ત્રમાં જ્યાં ને ત્યાં અપરિણામી નિજ આત્મદ્રવ્યનો આશ્રય લેવાનું કહ્યું છે, કારણ કે સાર તો એ જ છે. તેથી ત્રિકાળીને ભૂતાર્થ કહ્યો ને પર્યાયને ગૌણ કરી અભૂતાર્થ કહીને નથી એમ કહ્યું છે. પરંતુ ગૌણ કહેતાં કાંઈ પરિણામ ક્યાંય ચાલ્યા જતા નથી. અપરિણામી ઉપર દૃષ્ટિ દેતાં પરિણામ ગૌણ થઈ જાય છે, પરંતુ અનુભવ તો પર્યાયનો જ થાય છે. પર્યાયને ગૌણ કરે છે ત્યારે પર્યાયમાં વીતરાગતા પ્રગટ થાય છે. લક્ષની અપેક્ષાએ પર્યાયને ગૌણ કહી, બાકી છે તો પર્યાયની મુખ્યતા, કારણ કે દ્રવ્યનો અનુભવ થતો નથી. દ્રવ્યનું લક્ષ કરતાં જે વીતરાગતા પ્રગટ થાય છે એ જ મુખ્ય છે. વેદનમાં આવે એ જ મુખ્ય છે. લક્ષની અપેક્ષાએ ભલે ગૌણ કહ્યું પણ જે વેદન આવ્યું એ વેદનને તું ગૌણ ન કરીશ. જે આનંદ પોતાને પ્રત્યક્ષ વેદાય એ જ મુખ્ય છે. પર્યાય સ્વભાવને લીધે વીતરાગી આનંદ તો સમયે સમયે થયા જ કરે છે એને ગૌણ કરી શકાય એવી કોઈ તાકાત નથી. ત્રિકાળીનું વેદન હોતું નથી માટે જેનું વેદન છે તેની મુખ્યતાના ઢંઢેરા પીટાય છે.

[ 'બહેનશ્રીનાં વચનામૃત' બોલ-૨૦૧ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી, ]

અપરિણામી નિજ આત્માનો આશ્રય લેવાનું કહેવામાં આવે છે. અપરિણામી એટલે ધ્રુવ, પર્યાય વિનાનું કુટસ્થ તેનો આશ્રય લેવાનું કહેવામાં આવે છે. ત્યાં અપરિણામી એટલે શાસ્ત્રમાં નિશ્ચયનયના વિષયભૂત જે અખંડ જ્ઞાયક કહ્યો છે તે જ આ અપરિણામી નિજ આત્મા છે. અપરિણામીનું જોર આપતાં ૧૧ મી ગાથામાં પર્યાયને અભૂતાર્થ કહી. પરંતુ કોઈ એમ લઈ લે કે પર્યાય જૂઠી જ છે તો એમ નથી. પર્યાયને ગૌણ કરીને વ્યવહાર કહીને અભૂતાર્થ એટલે કે નથી એમ કહ્યું છે ને ત્રિકાળીને મુખ્ય કરી નિશ્ચય કહી તે

ભૂતાર્થ એટલે કે 'છે' એમ કહ્યું છે.

શાસ્ત્રમાં જ્યાં ને ત્યાં અપરિણામીનો આશ્રય લેવાનું કહ્યું છે, કારણ કે સાર તો એ જ છે. નહીં પલટતો, નહીં બદલતો, પર્યાયપણે નહીં થતો એવો જે ભગવાન આત્મા તેનો આશ્રય કરવો એ જ સમ્યગ્દર્શન છે. તેથી શાસ્ત્રમાં જ્યાં ને ત્યાં ત્રિકાળીને 'છે' એમ કહ્યું છે ને પર્યાયને નથી એમ કહ્યું છે. ધ્રુવને ભૂતાર્થ કહ્યો ને પર્યાયને અભૂતાર્થ કહી છે. અભૂતાર્થ એટલે નથી, કઈ અપેક્ષાએ નથી?–કે ત્રિકાળીનું લક્ષ કરવા માટે પર્યાયને ગૌણ કરી વ્યવહાર કહી, નથી એમ કહ્યું છે.

સમયસારની ૧૪ મી ગાથામાં પણ પર્યાયનું અસ્તિત્વ છે–એમ કહ્યું છે. વેદાંતની માફક પર્યાય નથી એમ નથી. પર્યાય છે પણ તે પર્યાયને ગૌણ કરીને અભાવ બતાવીને ભાવવાળા ત્રિકાળી તત્ત્વની નજર કરાવવી છે અને એના પર નજર થતાં સમ્યગ્દર્શન થતાં ત્યાં પરમ આનંદનો અનુભવ થાય. પર્યાયદૃષ્ટિથી દુઃખ થાય. પર્યાય છે ખરી પણ તેના આશ્રયે દુઃખી થાય અને તે તો અનાદિથી પર્યાયના આશ્રયે દુઃખી થઈ રહ્યો છે. તેથી તેને ગૌણ કરીને ત્રિકાળીનો આશ્રય લેવાનું કહ્યું છે.

ત્રિકાળીનો આશ્રય લેવાનું કહ્યું છે તેથી તેની પર્યાયમાં પ્રમાણપણું છે એનો અભાવ થતો નથી. આત્મદ્રવ્ય પ્રમાણની અપેક્ષાએ માત્ર અપરિણામી નથી. પર્યાય છે એ પ્રમાણના વિષયમાં આવે છે. અપરિણામીનો આશ્રય લેવા કહ્યું છે પરંતુ પ્રમાણની અપેક્ષાએ એકલો અપરિણામી નથી, પલટતો ને બદલતો છે. અપરિણામી ધ્રુવ તરીકે છે અને એનો નિર્ણય કરનાર અનિત્ય છે. અનિત્ય એ ધ્રુવનો નિર્ણય કરે છે. પલટતી પર્યાય નહીં બદલતા ત્રિકાળીનો નિર્ણય કરે છે. અપરિણામીની હયાતીનો નિર્ણય અપરિણામી નથી કરતો. કુટસ્થ, ધ્રુવ, અપરિણામી છે–એવો નિર્ણય પર્યાય કરે છે અને છતાં એ પર્યાય ધ્રુવમાં જતી નથી કે ધ્રુવ એ પર્યાયમાં આવતું નથી.

પ્રમાણની અપેક્ષાએ આત્મા પલટતો નથી, બદલતો નથી, ધ્રુવ જ છે—એમ નથી. પ્રમાણ અપેક્ષાએ ભગવાન આત્મા અપરિણામી તેમ જ પરિણામી પણ છે. ભગવાન આત્મા નહીં બદલતો તેમ જ બદલતો પણ છે. બદલતો જ, નહીં બદલતાનો નિર્ણય કરે છે. અપરિણામીનું આટલું બધું જોર દેવા છતાં એનો નિર્ણય કરનારી પર્યાય છે. પર્યાય છે, નથી એમ નથી.

પ્રમાણ અપેક્ષાએ આત્મદ્રવ્ય અપરિણામી તેમ જ પરિણામી છે પણ અપરિણામી ઉપર દૃષ્ટિ દેતા એટલે કે નહીં બદલતાં નિત્ય ધ્રુવ ઉપર દૃષ્ટિ દેતાં પરિણામ ગૌણ થઈ જાય છે. નિર્ણય તો પર્યાયમાં જ થાય છે પણ પર્યાયનું લક્ષ ધ્રુવ ઉપર છે તેથી નિર્ણય કરનારી પર્યાય ગૌણ રહે છે એટલે કે પર્યાયની મુખ્યતા આવતી નથી. મુખ્યતા તો ત્રિકાળીની જ આવે છે. પર્યાય ગૌણપણે રહે છે. ગૌણપણે કહેતાં વર્તમાન પર્યાય પણ

છે અને એ પર્યાય જ અપરિણામીનો નિર્ણય કરે છે. અનિત્ય એ નિત્યને જાણે છે, નિત્ય છે તે નિત્યને જાણતું નથી. જાણનાર પર્યાય પોતે અનિત્ય છે, એ નિર્ણય કરે છે, છતાં તેને નથી—એમ કહીને ત્રિકાળી ધ્રુવનો આશ્રય કરાવ્યો છે. જો પર્યાય નથી જ તો નિર્ણય કરનાર જ નથી અને તો જેનો નિર્ણય કરવો છે એ વસ્તુ પણ નથી.

કોઈ એકાંત તાણી ન જાય, તેથી અહીં આ વાત લીધી છે. પ્રમાણમાં તો દ્રવ્ય ને પર્યાય બન્ને આવે છે, ત્યારે તો વીતરાગતા થાય છે. પર્યાય ત્રિકાળી વીતરાગતાનો નિર્ણય કરે છે અને તેથી પર્યાયમાં વીતરાગતા આવે છે. તેથી પ્રમાણમાં ત્રિકાળી વીતરાગતા આવી ને તેનો નિર્ણય કરનારી વીતરાગી પર્યાય પણ આવી. વીતરાગી પર્યાય ત્રિકાળી વીતરાગતાનો નિર્ણય કરે છે. છતાં એ વીતરાગી વર્તમાન પર્યાય ત્રિકાળી વીતરાગતામાં આવી જતી નથી. અપરિણામીનો નિર્ણય કરવા છતાં એ પર્યાય અપરિણામીરૂપે થતી નથી. પર્યાયમાં તો પર્યાયની જ ધ્રુવતા આવે છે અને એ ધ્રુવતા ત્રિકાળી ધ્રુવના લક્ષે આવી છે છતાં ધ્રુવમાંથી આવી નથી; પર્યાય સ્વતંત્ર છે, કેમ કે ધ્રુવ એકરૂપ છે અને જો તેમાંથી પર્યાય આવતી એકાંત કહીયે તો પર્યાય એક સરખી આવવી જોઈએ, પણ મોક્ષમાર્ગની પર્યાય એકરૂપ હોતી નથી, શુદ્ધિ થાય છે, ટકે છે, વધે છે—એમ અનેકરૂપ અવસ્થા થાય છે.

અપરિણામી ઉપર દૃષ્ટિ દેતા પરિણામ ગૌણ થઈ જાય છે. પરંતુ અનુભવ તો પર્યાયનો જ થાય છે. અલિંગગ્રહણના ૨૦ માં બોલમાં કહ્યું કે એકરૂપ ધ્રુવ છે તેને સ્પર્શ્યા વિના આત્માની પર્યાયમાં આનંદ ને વીતરાગતાનું વેદન થાય છે. ત્રિકાળી ધ્રુવને સ્પર્શ્યા વિના ધ્રુવને સાથે ભેગું લીધા વિના એકલી વીતરાગી પર્યાય પ્રગટ થાય છે. ત્રિકાળીને સ્પર્શ્યા વિના, તેનું આલંબન લીધા વિના પર્યાયમાં વીતરાગતા પ્રગટ થાય છે.

અપરિણામી ઉપર દૃષ્ટિ દેતાં પર્યાય ગૌણ થતાં વીતરાગતા પ્રગટ થાય છે. પર્યાયને ગૌણ કરે છે ત્યારે પર્યાયમાં વીતરાગતા થાય છે. પર્યાયને ગૌણ કરતાં પર્યાયમાં વીતરાગતા થાય છે. ભગવાન આત્મા ભગવાન સ્વરૂપે હોવા છતાં તેનું આલંબન લીધા વિના પર્યાયમાં ભગવાનપણું પ્રગટ થાય છે.

અહીં બેનું બેપણું રાખવું છે. બેનું બેપણું રાખે ત્યારે બેનું પ્રમાણ જ્ઞાન થાય છે. જે પર્યાય વીતરાગતારૂપ થાય છે તે વીતરાગીનું આલંબન લીધા વિના થાય છે. વીતરાગી પર્યાય વીતરાગી ધ્રુવના આલંબન વિના થાય છે, પર્યાય સ્વતંત્ર સત્ છે. જો એ પર્યાય દ્રવ્યના આશ્રયે એકાંત ઉત્પન્ન થાય તો વસ્તુ વીતરાગ સ્વરૂપ એકરૂપ છે તો પર્યાયમાં પણ એક પ્રકારની જ વીતરાગતા આવવી જોઈએ, પણ પર્યાય સ્વતંત્ર છે, એ પરિણામી હોવા છતાં ને ત્રિકાળી વીતરાગીનો આશ્રય લેવા છતાં તેના અવલંબન વિના એ પર્યાય વીતરાગસ્વરૂપે પરિણમે છે.

પર્યાય ગૌણ થઈ જાય છે તેનો અર્થ વીતરાગનો અનુભવ ગૌણ થઈ જાય છે એમ

નહીં. ગૌણ થઈ એટલે વીતરાગતા પર્યાયમાં ન આવી કે વીતરાગતા પર્યાયમાં ન થઇ માટે ગૌણ થઈ ગઈ એમ નહીં. ફક્ત લક્ષની અપેક્ષાએ ગૌણ કહ્યું. વીતરાગી પર્યાયનું લક્ષ વીતરાગી પર્યાય ઉપર નથી, માટે ગૌણ કહ્યું. વીતરાગી પર્યાય થઈ તેના ઉપર લક્ષ નહીં પણ ધ્રુવ ઉપર લક્ષ છે, છતાં ધ્રુવને તે પર્યાય અવલંબતી નથી. અપરિણામી એ પરિણામમાં આવતું નથી છતાં એ પરિણામમાં અપરિણામીનું જ્ઞાન ને વીતરાગી પર્યાય આવે છે.

વીતરાગી પર્યાય ત્રિકાળી વીતરાગ આ છે એમ નિર્ણય કરે છે અને તેથી વીતરાગી આનંદ આવવા છતાં વીતરાગી આનંદને ગૌણ કરવો એમ કહ્યું તેનો અર્થ તેના ઉપર લક્ષ ન રાખવું, લક્ષ ધ્રુવ ઉપર રાખવું, પર્યાયનું લક્ષ ધ્રુવ ઉપર હોવા છતાં તે પર્યાય પરતંત્ર નથી. એ પર્યાય સ્વતંત્ર કર્તા થઈને લક્ષ કરે છે. ષટ્કારકનું પરિણમન ઊભું કરીને એ પર્યાય ત્રિકાળી ધ્રુવ વીતરાગતાને જાણે છે એ દ્રવ્યને લઈને નથી, પર્યાય સ્વતંત્ર કર્તા છે. સ્વતંત્ર કર્તા થઈને ફક્ત ધ્રુવ ઉપર લક્ષ કરે છે એવું જ પર્યાયના કર્તાપણાનું સ્વરૂપ છે. વીતરાગી દ્રવ્યનું લક્ષ કર્યું માટે દ્રવ્ય કર્તા છે ને વીતરાગી દ્રવ્યનો આશ્રય આવ્યો માટે વીતરાગી પર્યાય પરાધીન છે–એમ નથી.

આત્મા જ પોતે એવો છે કે પરમાત્માનું તો નહીં પણ ત્રિકાળીના પણ આલંબન વિના વીતરાગપણાના આનંદને અનુભવે છે. પરિણામ ગૌણ થઈ જાય એટલે પરિણામ ક્યાંય ચાલ્યા જતા નથી, પર્યાયનો કાંઈ અભાવ થઈ જતો નથી, ભાવરૂપે જ રહે છે, છતાં ગૌણ કેમ કહ્યું ?–કે લક્ષ મુખ્ય ધ્રુવ ઉપર છે માટે ગૌણ કહ્યું, બાકી છે તો પર્યાયની મુખ્યતા, કેમ કે નિર્ણય કરનાર પોતે જ છે. ત્રિકાળી નિત્યાનંદના નાથનો નિર્ણય કરનાર પર્યાય પોતે જ વીતરાગપણે પરિણમતી થકી ત્રિકાળીનું લક્ષ રાખવા છતાં પરાધીન થઈ નથી, પોતાથી વીતરાગ પર્યાય ષટ્કારકપણે ઉત્પન્ન થાય છે. ગૌણ થાય છે કહ્યું છતાં એ વીતરાગી પર્યાય નિરપેક્ષ છે. વીતરાગી સ્વભાવનો નિર્ણય કરવા છતાં ને અનુભવમાં એ આવવા છતાં દ્રવ્ય પર્યાયમાં આવતું નથી ને પર્યાય દ્રવ્યમાં જતી નથી, પર્યાય તો પર્યાયપણે રહીને દ્રવ્યની દૃષ્ટિ કરે ત્યાં પર્યાય ઉપર લક્ષ નથી તે અપેક્ષાએ પર્યાયને ગૌણ કહી, બાકી તો પર્યાય મુખ્ય જ છે અનુભવમાં; અનુભવમાં દ્રવ્ય નથી.

પર્યાયને ગૌણ કહી છતાં પર્યાયની જ મુખ્યતા છે. ગૌણ એટલે એનું લક્ષ દ્રવ્ય તરફ રાખવું, પર્યાય તરફ ન રાખવું, છતાં વલણ કરનારી પર્યાય દ્રવ્યની અપેક્ષા રાખતી નથી. વીતરાગી આનંદનો અનુભવ સ્વતંત્રપણે પોતે કર્તા થઈને વીતરાગી આનંદના કાર્યને પોતે અનુભવે છે. કર્તા પરિણામીના પરિણામ થયા તે જ મુખ્ય છે. ત્રણ લોકના નાથ પૂર્ણાનંદ પ્રભુ એનો જે અનુભવ કર્યો એ અનુભવની જ મુખ્યતા છે. ગૌણ કરી એમ કહ્યું છતાં તેને અહીં મુખ્ય કરે છે કેમ કે દ્રવ્યનો અનુભવ નથી, અનુભવ તો પર્યાયનો છે માટે અનુભવ ગૌણ ન કરવો, એ મુખ્ય છે. ત્રિકાળી ચીજ છે એ ધ્રુવ છે, એનું વેદન

નથી. ધ્રુવની તરફ સ્વતંત્રપણે લક્ષ કરીને વીતરાગી આનંદ અનુભવે છે તે પર્યાય છે, તે જ મુખ્ય છે. વીતરાગી આનંદનો અનુભવ એ જ મુખ્ય છે.

ત્રિકાળી નાથની સત્તાનો સ્વીકાર વીતરાગ ભાવે થયો એ ભાવ ક્યાંય ચાલ્યો જતો નથી, અનુભવ તો અનુભવના વેદનમાં જ રહે છે. પરિણામને ગૌણ કહ્યું એ તો લક્ષની અપેક્ષાએ ગૌણ કહ્યું, અનુભવની અપેક્ષાએ ગૌણ નહીં. અનુભવની અપેક્ષાએ એ જ મુખ્ય છે. કારણ કે દ્રવ્યનો અનુભવ થતો નથી. મારું વીતરાગીતત્ત્વ છે તેનું જ્યાં હું લક્ષ કરું છું ત્યાં તો વીતરાગી દશા પ્રગટ થાય છે-એ જ મારે મુખ્ય છે. વેદનમાં આવે એ જ મારે મુખ્ય છે. લક્ષની અપેક્ષાએ ભલે ગૌણ કર્યું. પણ જે આ વેદન છે તેને ગૌણ કરીશ એ નહીં ચાલે. પૂર્ણાનંદના નાથને તેં જાણ્યો ને વેદનમાં આવ્યો એ વેદનને તું ગૌણ ન કરીશ હો! એ તો લક્ષ કરાવવાની અપેક્ષાએ તને ગૌણ કહ્યું, પણ મુખ્ય તો એ જ છે. જે આનંદ પોતાને પ્રત્યક્ષ વેદાય એ મુખ્ય છે.

વીતરાગ સ્વરૂપ ભગવાનને જેણે અનુભવ્યો તેને વીતરાગી આનંદ સમયે સમયે થયા જ કરે છે. પર્યાયસ્વભાવને લીધે વીતરાગી આનંદ તો સમયે સમયે થયા જ કરે છે, એને ગૌણ કરી શકાય એવી કોઈ તાકાત નથી. દ્રવ્યની પણ તાકાત નથી કે તેને ગૌણ કરે. વેદનને મુખ્ય કરનાર દ્રવ્ય પર્યાયને ગૌણ કરે એમ ત્રણ કાળમાં બનતું નથી, કેમ કે ત્રિકાળીનું વેદન હોતું નથી, માટે જેનું વેદન છે તેની મુખ્યતાના ઢંઢેરા પીટાય છે.

—o—

## * માંડ આવા ટાણાં મળ્યા છે *

ગુરુદેવ પરમ વાત્સલ્યભરી પ્રેરણાથી કહે છે કે હે ભાઈ! અત્યારે આત્મજ્ઞાન માટેનો આ અવસર છે. તું આ વાત લક્ષમાં તો લે. માંડ આવા ટાણાં મળ્યા છે તેમાં કરવાનું તો આ એક જ છે. અંદરમાં જરા ધીરો થઈ, બહારના કાર્યોનો રસ છોડી, વિચાર કર તો તને જણાશે કે આત્માનો સ્વભાવ અને રાગ બંને એક થઈને રહેવા યોગ્ય નથી પણ જુદા પડવા યોગ્ય છે. ભાઈ! સમય સમય કરતાં કાળ તો ચાલ્યો જ જાય છે, તેમાં જો તું સ્વભાવ સન્મુખ ન થયો તો તેં શું કર્યું? ગમે તેટલા પ્રયત્ન વડે પણ વિકારથી ભિન્ન ચૈતન્યનો અનુભવ કરવો—તે જ કરવાનું છે.

—o—

પંચમ-આરાના શિષ્યના હૃદયમાં

# આત્માને અનુભવવા ઉછળતો ઉમળકો

પાંચમાં આરાનો શિષ્ય પાંચમાં આરાના સાધુને-ગુરુને પૂછે છે કે પ્રભુ! આપ અતીન્દ્રિય આનંદના નાથ શુદ્ધાત્માને અનુભવો છો, પ્રભુ! આપ અતીન્દ્રિય આનંદના સ્વાદ લ્યો છો, પ્રભુ! આપ અતીન્દ્રિય આનંદના ઘૂંટડા પીવો છો તો મને પ્રશ્ન થાય છે કે એવો આત્મા કોણ છે ને કેવો છે તે જરી કૃપા કરીને બતાવોને! શિષ્યને અંદર હૃદયમાંથી શુદ્ધાત્માને અનુભવવાનો ઉમળકો આવ્યો છે તેથી ગુરુને પૂછે છે કે પ્રભુ! આપ શુદ્ધાત્માને અનુભવો છો તો અમને પણ બતાવોને કે એ શુદ્ધાત્મા કેવો છે તે જરી કહોને પ્રભુ! શિષ્યને શુદ્ધાત્માને અનુભવવાનો હૃદયમાંથી ઉમળકો આવ્યો છે. અંતરમાંથી જિજ્ઞાસા ને તાલાવેલી થઈ છે કે પ્રભુ! શુદ્ધાત્મા કઈ રીતે પ્રાપ્ત થાય ને કઈ રીતે અનુભવાય તે જરી બતાવોને! પ્રભુ! તમે શુદ્ધાત્માના આટલા આટલા વખાણ કરો છો પણ એ આત્મા અમને જાણવામાં આવ્યો નથી તો એ અમારે જાણવો છે. નવતત્ત્વ શું છે ને દેવ-ગુરુ-શાસ્ત્ર શું છે એ શિષ્યનો પ્રશ્ન નથી પણ શુદ્ધાત્માને અનુભવવાનો પ્રશ્ન ઉઠયો છે તેથી પૂછે છે કે પ્રભુ! આપ તો આત્માના વેદનમાં અનુભવમાં પડચા છો તો એ શુદ્ધાત્મા પ્રભુ! કેવો છે તે જરી કહોને! હું એક શિષ્ય પામર તરીકે ગણીને આમ શુદ્ધાત્માનું કેમ પૂછે છે, બીજું મૂકી દઈને આમ કેમ પૂછે છે એમ ન ગણશો નાથ! દેહ-દેવળમાં અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ બિરાજે છે એની આપે મને ખાત્રી કરાવી છે પણ હવે એ શુદ્ધાત્મા કેવો છે કે જેનું સ્વરૂપ જાણતા વેદનમાં આવે-એવું કાંઈક કહોને પ્રભુ! શિષ્યે એમ પૂછયું નથી કે પ્રભુ

પૈસા કેમ થાય ને પુણ્ય કેમ થાય પણ એમ પૂછ્યું છે કે અતીન્દ્રિય આનંદથી ભરેલો દરિયો જેને આપ અનુભવો છો એ કોણ છે, કેવો છે કે જેને ભગવાન અરહંત અનુભવે છે, ગણધર અનુભવે છે અને આપ પણ પ્રચુર આનંદને અનુભવો છો એ શુદ્ધાત્મા કોણ છે—એ જાણવાની અને અનુભવવાની શિષ્યને ઉમ્મીદ થઈ છે તેથી પૂછે છે કે એ શુદ્ધાત્મા કોણ છે ને કેવો છે કે જેનું સ્વરૂપ જાણવાથી અનુભવ થાય તે મને બતાવો પ્રભુ! —એવા પ્રશ્નનો ઉત્તર શ્રી સમયસારની ૬ ઠ્ઠી ગાથામાં ગુરુ કહે છે.

[ શ્રી સમયસાર ગાથા ૬ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

આ સમયસાર આત્મ-અનુભવથી પ્રગટ થયેલ શાસ્ત્ર છે. તેમાં શિષ્ય પ્રશ્ન કરે છે કે પ્રભુ મહાવીરથી આપના ગુરુ પર્યંત સંતોએ આત્માના અતીન્દ્રિય આનંદનો પ્રચુર અનુભવ કર્યો તો એ શુદ્ધ આત્મા કોણ છે? પ્રભુ! આપે આત્માને અનુભવ્યો, આપે અતીન્દ્રિય આનંદના નાથને અનુભવ્યો તો એ શુદ્ધ આત્મા કોણ છે? આપે જે શુદ્ધ આત્માને અનુભવ્યો તો પ્રભુ! જે આત્મા આપ અનુભવો છો, અતીન્દ્રિય આનંદના સ્વાદ લ્યો છો, પ્રભુ! આપ અતીન્દ્રિય આનંદના ઘૂંટડા પીવો છો, તો પ્રભુ મારો પ્રશ્ન છે, મારે એ જાણવું છે કે એવો શુદ્ધ આત્મા કોણ છે? આહાહા! પાંચમા આરાના શિષ્ય ને પાંચમા આરાના સંત આ વાત કરે છે.

પ્રભુ આપ અતીન્દ્રિય આનંદને અનુભવો છો પણ અમને તો કહો કે એવો શુદ્ધાત્મા છે કોણ? પંચમ આરાનો શિષ્ય એમ પૂછે છે કે આપ અતીન્દ્રિય આનંદનું પ્રચુર વેદન કરો છો તો અમને જરી કહો ને પ્રભુ કે એવો શુદ્ધ આત્મા કોણ છે? આહાહા! શિષ્યના અંતરમાં ઉમળકો છે શુદ્ધ આત્માના અનુભવનો! તેથી કહે છે કે પ્રભુ આપ શુદ્ધ આત્માને અનુભવો છો તો એ શુદ્ધ આત્મા કોણ છે ને કેમ પમાય?—એ વાત જરી અમને કહોને! પ્રભુ આપ આત્માના આટલા વખાણ કરો છો ને એવા આત્માને અનુભવો છો તો એ કોણ છે—એ તો કહો? પ્રભુ અમારે બીજું કાંઈ જાણવાનું કામ નથી. અમારે તો આ આત્મા અંદર કોણ છે ને કેમ પમાય એ જાણવું છે. આહાહા! શિષ્યની જવાબદારી પણ સાથે લીધી છે.

શિષ્યના અંતરમાંથી આત્માને અનુભવવાનો ઉમળકો આવ્યો છે, જિજ્ઞાસા જાગી છે, તેથી પૂછે છે કે એ કોણ ને કેવો છે? કઈ રીતે છે ને કેમ છે? આપના અનુભવમાં કઈ રીતે આવે છે?—પ્રભુ એનું સ્વરૂપ મારે જાણવું છે. 'એક જાણ્યો તેણે બધું જાણ્યું' —તો એ 'એક' છે કોણ? પ્રભુ! આપ તો અંતરના વેદનમાં પડયા છો પણ અમને જરી

કહોને કે એ શુદ્ધ આત્મા કોણ છે?

પ્રભુ! એ કોણ છે કે જેનું સ્વરૂપ જાણવું જોઈએ? જેનું સ્વરૂપ જાણવું જોઈએ એ કોણ છે એ મને કહો પ્રભુ! અતીન્દ્રિય આનંદના ઉછાળા મારતાં આત્માને ઓળખીને શિષ્ય પૂછે છે કે પ્રભુ આપ ક્યાં છો, એ ખ્યાલમાં આવ્યું છે પણ અમને એ શુદ્ધ આત્મા સમજમાં નથી આવતો ને આપ જેવાના ભેટા થયા એ અમારા મહાભાગ્ય છે. પ્રભુ! આપ શુદ્ધ આત્માના અતીન્દ્રિય આનંદને વેદો છો તો એ શુદ્ધ આત્મા છે કોણ?

વેપારમાં કેમ પૈસા થાય, કેમ પુણ્ય થાય, કેમ સ્વર્ગ મળે કે કેમ વીતરાગની વાણી સાંભળવા મળે એ પણ પૂછ્યું નથી. અહીં તો અંદરમાં જે શુદ્ધ આત્મા છે એ કોણ છે?—એ જણાવો—એમ પૂછ્યું છે. અતીન્દ્રિય આનંદથી ભરેલો દરિયો પ્રભુ છે પણ અમને ખબર પડતી નથી કે એ કોણ છે તો એ અમને કહો. જે આત્માને ત્રણલોકના નાથ અનુભવે, જેને ગણધર અનુભવે ને આપ પણ પ્રચુર વેદનમાં તેને અનુભવો છો તો એ શુદ્ધ આત્મા કોણ છે?— આવી જેને ઉમ્મીદ જાગી છે તે, જેના હૃદયમાં ત્રણલોકનાં નાથ બિરાજે છે એવા સંતોને પૂછે છે કે પ્રભુ એ શુદ્ધ આત્મા કોણ છે?

શિષ્યને બહુ ઊંડેથી જિજ્ઞાસા છે કે આ શુદ્ધ આત્મા કોણ છે? પર્યાય શું છે કે ગુણ શું છે એમ નથી પૂછ્યું પણ આત્મા શુદ્ધ છે એ કોણ છે કે જેનું સ્વરૂપ જાણવું જોઈએ. આત્મા શુદ્ધ છે કોણ?—કે જેને જાણવાથી આનંદ આવે ને જન્મ-મરણનો અંત આવે. એવા શુદ્ધ આત્માને જાણવાની જેને ધગશ છે તેને આ ઉત્તર દેવામાં આવે છે.

ચૈતન્યરત્નાકર બિરાજે છે કે જેને પ્રભુ આપ અનુભવો છો તો આપ એકલા અનુભવો છો તો અમને પણ કાંઈક કહો ને પ્રભુ! એવા જિજ્ઞાસુ જીવને આચાર્યમહારાજ ઉત્તરરૂપે આ છઠ્ઠી ગાથા કહે છે!

નથી અપ્રમત્ત કે પ્રમત્ત નથી જે એક જ્ઞાયક ભાવ છે,
એ રીત 'શુદ્ધ' કથાય, ને જે જ્ઞાત તે તો તે જ છે. ૬.

આ ગાથા જૈનદર્શનના પ્રાણ છે. સર્વજ્ઞ ત્રિલોકનાથના કહેલા આ પ્રાણ છે. ભાષા સાધારણ છે પણ તેના ભાવ ઊંડા ગંભીર ઘણા છે. કહે છે કે જે પોતે છે તે પોતાથી જ છે તેને કોઈ કરનાર નથી, તેને કોઈ આલંબન કે આશ્રય નથી, તેને કોઈ આધાર નથી. પોતે પોતાથી જ સિદ્ધ છે, તેની હયાતી માટે પરના આલંબનની અપેક્ષા નથી. પ્રભુ તારી હયાતી તારાથી જ છે. પોતે પોતાથી જ હયાતી ધરાવે છે. એની હયાતી માટે બાહ્યની કોઈ ચીજની કર્તાપણાની જરૂર નથી. જેની હયાતી છે તેને બીજાની જરૂર છે નહીં. પોતે પોતાથી સિદ્ધ છે તેથી અનાદિ સત્તારૂપ છે એટલે કે તેથી આદિ વિનાની હયાતી છે ને તે કદી વિનાશ નહીં પામતો હોવાથી અનંત છે. એક અંશ પણ કદી વિનાશ

પામે એવો નથી, તેથી અનંત છે, એ રીતે અનાદિ અનંત છે. જે છે તે અનાદિ છે ને તે અનંત છે. જે છે તે ત્રિકાળ છે. ક્ષણિક નથી એટલે કે વર્તમાન પણ સ્વભાવ વિના રહેતો નથી. તેના જે ગુણો છે તે ક્ષણિક નથી.

શિષ્યને પ્રભુ ઉત્તર કહે છે કે પ્રભુ તું પ્રત્યક્ષ થઈ શકે તેવી ચીજ છો, તને તું ન જણાય કે પરોક્ષ રહે એવો તું નથી; તારા અનુભવ માટે તને બીજા કોઈની અપેક્ષા રહે નહીં એવો સ્પષ્ટ પ્રત્યક્ષ પ્રકાશમાન ચૈતન્યજ્યોતિ જ્ઞાયક તું છો. કેવો છે? –કે અનાદિ સત્તાવાળો, નાશ ન થાય એવો, ક્ષણિક નથી એવો ને પ્રત્યક્ષ પ્રકાશમાન જ્યોતિ એવો જ્ઞાયક છો, એવો જ્ઞાયક એક ભાવ છો. ગુણ–ગુણીના ભેદ પણ જેમાં નથી એવો જ્ઞાયકભાવ તે એકભાવ છે. અનંતી પર્યાય ને અનંત ગુણો ભલે હો પણ સ્વરૂપે તો એક ભાવ છે.

આમ હોવા છતાં સંસાર અવસ્થામાં શું છે?–તે કહે છે. આવો હોવા છતાં સંસાર અવસ્થામાં રાગના ભાવ સાથે એને અનાદિ સંબંધ છે, નવો સંબંધ નથી. અનાદિનો સંબંધ છે. અનાદિથી પર્યાયમાં શુદ્ધ હતો ને પછી રાગ સાથે સંબંધ થયો એમ નથી. અનાદિથી રાગ સાથે સંબંધ છે, ક્ષીરનીરની જેમ કર્મ પુદ્‌ગલો સાથે એકરૂપ હોવા છતાં એટલે કે રાગના સંબંધની અપેક્ષાએ જોઈએ તો, અશુદ્ધતા સાથે સંબંધ છે તોપણ દ્રવ્યસ્વભાવની અપેક્ષાથી જોઈએ તો રાગની એકતાનો અંત લાવવો દુરંત છે એટલે કે અનંત પુરુષાર્થથી અંત આવે એવો છે, એવા ક્રોધ–માન–માયા–લોભના કષાયચક્રના ઉદયની વિચિત્રતાના વશે વર્તતા જે પુણ્ય ને પાપ તેને ઉત્પન્ન કરનારા એટલે કે પુણ્ય–પાપરૂપ જડકર્મને ઉત્પન્ન થવામાં નિમિત્ત થનારા અનેકરૂપ શુભાશુભભાવ તેમના સ્વભાવે તે પરિણમતો નથી. સંસાર અવસ્થામાં રાગ સાથે સંબંધ દેખાવા છતાં જ્ઞાયકભાવ તે શુભ–અશુભભાવે થતો નથી. શુભાશુભભાવ જડ છે, તેમાં જ્ઞાયકનો અંશ નથી. ચૈતન્યસ્વભાવનો તેમાં અભાવ છે. તેથી શુભાશુભભાવે–જડભાવે જ્ઞાયકભાવ થતો નથી. પર્યાયમાં શુભાશુભ હોવા છતાં જે જ્ઞાયક દ્રવ્ય છે તે ત્રિકાળ નિરાવરણ છે, તે શુભાશુભભાવે થતો નથી. જો શુભાશુભભાવે તે થાય તો તે જડ થઈ જાય. તેથી જ્ઞાયકભાવ છે તે શુભાશુભભાવે થતો નથી. જે જ્ઞાયકભાવ છે તે જડભાવે થતો નથી. જાણનાર ચૈતન્ય તત્ત્વ, નહીં જાણનાર એવા પુણ્ય–પાપતત્વરૂપે થતું નથી.–એમ કહીને કહેવું છે કે તું આત્માનો અનુભવ કરી શકીશ કેમ કે જ્ઞાયકભાવ છે તે જડરૂપે થયો નથી. ભલે રાગાદિ અનાદિના હો પણ આત્મા તે રૂપે કદી થયો નથી ને થશે નહીં તેથી તેનો તને અનુભવ થઈ શકશે. જ્ઞાયકભાવ શુભાશુભભાવપણે થતો નથી તેથી તેનો અનુભવ થઈ શકે છે.

પ્રભુ! તું જ્ઞાયકભાવે બિરાજે છો ને નાથ! તું શુભાશુભભાવે થયો નથી ને પ્રભુ! અંદર જ્ઞાનનો સમુદ્ર પડયો છે તે કદી શુભાશુભભાવે થયો નથી, વસ્તુ શુભાશુભભાવે થઈ

નથી, પર્યાયમાં શુભાશુભ છે હો ! પણ જ્ઞાયકભાવ છે તે જડરૂપે થયો નથી. અવસ્થામાં જડપણું થયું છે પણ એ ક્ષણિકભાવ છે, તે જડરૂપ અવસ્થા ટળી શકે છે એમ કહે છે.

પર્યાયમાં જડરૂપ થયો હોવા છતાં જે જ્ઞાયકભાવ છે તે જડરૂપે થયો નથી. પ્રમત્ત ને અપ્રમત્ત એવા બે ભાગ ક્યારે પડે ?–કે એ રૂપે વસ્તુ પરિણમે તો. પણ વસ્તુ તો એ રૂપે પરિણમતી નથી, વસ્તુ તો શુભાશુભપણે પરિણમતી નથી માટે વસ્તુ પ્રમત્ત કે અપ્રમત્ત નથી. શુભાશુભભાવ સંસાર અવસ્થામાં અનાદિથી પર્યાયમાં છે પણ એ જડ છે. ચૈતન્યની શક્તિનો કોઈ અંશ તેમાં આવતો નથી માટે એ જડ છે. ચૈતન્ય પ્રભુ એ જડભાવે થયો નથી. તેથી જો તું પુણ્યપાપની અવસ્થાનું લક્ષ છોડી દે તો તું પણ જ્ઞાયકભાવનો અનુભવ કરી શકીશ ને શુભાશુભભાવ ટાળી શકાશે. કેમ કે જ્ઞાયકભાવ કદી એ જડભાવે–વિકારીભાવે થયો જ નથી. જ્ઞાયકભાવ વિકારી જડભાવે થતો જ નથી તેથી તને તારા જ્ઞાયકનો અનુભવ થઈ શકશે, પર્યાયમાં અતીન્દ્રિય આનંદનો અનુભવ થઈ શકશે ને પર્યાયમાં જે શુભાશુભ ભાવ છે તે ટાળી શકીશ, માટે તું સ્વરૂપનો અનુભવ કર.

આ આત્મા એક જ્ઞાયકભાવ છે, તે કર્મના સંબંધમાં દેખાય છે છતાં એ ચીજ કર્મને ને રાગને સ્પર્શતી નથી. સંસારની વર્તમાન અવસ્થાથી જોઈએ તો રાગને કર્મના નિમિત્તનો સંબંધ દેખાય છે. અવસ્થા દૃષ્ટિથી જોઈએ તો એ છે પણ ત્રિકાળી સ્વભાવની દૃષ્ટિથી જોઈએ તો પુણ્ય–પાપ ઉત્પન્ન કરે એવા શુભાશુભભાવ કે જેનો અંત દૂરંત છે એવું કષાયચક્ર પર્યાયમાં હોવા છતાં જ્ઞાયકભાવ એ શુભાશુભ ભાવને અડયો નથી. જો જ્ઞાયકભાવ શુભાશુભપણે પરિણમે તો જડ થઈ જાય કેમ કે શુભાશુભભાવ પોતે અચેતન–ચેતનના અંશ રહિત જડ છે. એ જડરૂપે ચૈતન્ય કદી ન થાય. જ્ઞાયકભાવ શુભાશુભરૂપે કદી થયો નથી તેથી તેને ટાળવા એ રહેતું નથી. ફક્ત જ્ઞાયકની દૃષ્ટિ કરતાં વીતરાગભાવ ઉત્પન્ન થતાં રાગ ઉત્પન્ન થતો નથી તેથી કથનમાત્ર રાગનો નાશ કર્યો કહેવાય.

શુભ ને અશુભભાવપણે જ્ઞાયકભાવ થયો નથી તેથી પ્રમત્ત ને અપ્રમત્ત એવા ભેદો તેને લાગુ પડતા નથી. ભગવાન પ્રમત્ત–અપ્રમત્ત નથી, કેમ ?–કે તેમના સ્વભાવે–પ્રમત્ત કે અપ્રમત્ત ભાવે પરિણમતો નથી તેથી જ્ઞાયકભાવને પ્રમત્ત–અપ્રમત્તપણું લાગુ પડતુ નથી. તેથી તે સમસ્ત અન્ય દ્રવ્યોના ભાવોથી એટલે કે કર્મ ને કર્મના ભાવોથી ભિન્નપણે ઉપાસવામાં આવતાં શુદ્ધ કહેવાય છે. અહીં અન્યદ્રવ્યો પરદ્રવ્યમાં લીધા છે, રાગાદિને નથી લીધા, કેમ કે અન્યદ્રવ્યોથી લક્ષ છૂટતાં ચૈતન્યસ્વભાવ ઉપર લક્ષ જાય છે તેથી અન્યદ્રવ્યના ભાવોથી ભિન્નપણે ઉપાસવામાં આવ્યો છે. અનાદિથી પરદ્રવ્યો ઉપર લક્ષ છે તેથી પરદ્રવ્યોના

[ અનુસંધાન પાનું ૨૮ પર ]

[ આત્માના ધ્રુવપદમાં........ટાઇટલ-૨ થી ચાલુ ]

રાગ-દ્વેષની વિપરીતતા હોવાં છતાં આત્મા વીતરાગ આનંદનો કંદ છો. તું નાનો નથી ભાઈ! તું મોટો છો. તું પોતે અર્હંતસ્વરૂપે બિરાજમાન છો તેનો વિશ્વાસ કર!

આત્મદરબારમાં અનંતા....અનંતા ગુણો સદાય શક્તિરૂપે બિરાજમાન છે. તે એક એક ગુણની અનંત પર્યાય તો છે પણ તેની શક્તિ પણ અનંત છે. ભાઈ! આવો જ વસ્તુનો સ્વભાવ છે કાંઈ કલ્પનાથી વાત વધારીને તને કહેતાં નથી. વસ્તુ જેવી છે તેવી તને કહીએ છીએ.

મુનિરાજ કહે છે સિદ્ધનું ધ્યાન કર! એટલે કે તારાં સિદ્ધસ્વરૂપનું ધ્યાન કર—તેમાં એકાગ્રતા કર! એટલે કે સમ્યક્ શ્રદ્ધા-જ્ઞાન અને ચારિત્ર પ્રગટ કર!

તું આચાર્યનું ધ્યાન કર! અંતરમાં પંચાચારનું પાલન કરવું તે આચાર્યપણું છે. બહારમાં શિષ્યોને શિક્ષા-દીક્ષા દેવાના ભાવ આવે તે આચાર્યપણું નથી. એ તો રાગ છે. આચાર્ય તે વીતરાગીપર્યાયે પરિણમેલું પદ છે. એવી પર્યાયો પણ તારા અંતરમાં છે માટે તું આચાર્યનું ખરું સ્વરૂપ ઓળખી તેમાં લીન થઈ જા, તો તું પોતે આચાર્ય બની જઈશ. ઉપાધ્યાય સ્વરૂપ પણ તું જ છો ભાઈ! વીતરાગી દ્રવ્ય, વીતરાગી ગુણ અને ગુણસ્થાન પ્રમાણે પ્રગટેલી વીતરાગી પર્યાય સહિતનું દ્રવ્ય તે ઉપાધ્યાય છે. એવા ઉપાધ્યાય સ્વરૂપ આત્માનું ધ્યાન કરવું.

જે પૂર્ણ સ્વભાવને સાધે છે તે 'સાધુ' છે. સાધુને ૨૮ મૂળગુણનો રાગ છે પણ તે રાગ-સ્વભાવને સાધતો નથી. સ્વભાવને સાધે એવી વીતરાગી પર્યાય તું પ્રગટ કર!

કાલે રાત્રે સરસ પ્રશ્ન થયો હતો કે, કેવળી કોનું ધ્યાન કરે છે? કેવળીને તો મોહ નથી અને પદાર્થોનું જ્ઞાન પૂરું છે તો ધ્યાન કોનું! ભાઈ! એ તો અનંત અતીન્દ્રિય આનંદને અનુભવે છે ને! એ જ તેનું ધ્યાન કહો કે અનુભવ કહો, એક જ છે. પ્રવચનસારની જ્ઞેય અધિકારની છેલ્લી ગાથાઓમાં આ વાત આવે છે.

આ બધી સત્ વસ્તુની વાત છે-કલ્પના નથી. ષટ્ખંડાગમમાં પહેલી જ વાત લખી છે કે 'સતપદ્ પ્રરૂપણા' જે છતા-સત્ પદાર્થ છે તેનું વાણીમાં કથન કરીએ છીએ.

ભગવાન આત્મા અકષાય વીતરાગરસથી ભરપૂર છે તેથી તેની પ્રાપ્તિ પણ વીતરાગ-દશા દ્વારા જ થાય છે. રાગથી વીતરાગસ્વભાવ પ્રાપ્ત ન થાય. આત્મા પંચપરમેષ્ઠી સ્વરૂપ છે તેથી આત્માનું ધ્યાન કરતાં તેમાં પાંચેય પરમેષ્ઠીનું ધ્યાન ગર્ભિત છે.

અર્હંતનું લક્ષ કરતાં સમોસરણ અને વાણી આદિ લક્ષમાં ન લેતાં વીતરાગી પર્યાય-રૂપે પરિણમેલું અર્હંતનું દ્રવ્ય લક્ષમાં લેવું. સિદ્ધ તો પરિપૂર્ણ જેવું દ્રવ્ય છે તેવી જ પર્યાયે પરિણમેલા છે, તેનું લક્ષ કરવું. આચાર્યનું લક્ષ કરતાં તેમનાં વિકલ્પ, વાણી અને

રાગથી રંજિત પરિણામ લક્ષમાં ન લેવા, પણ તેનો આત્મા જે વીતરાગી પર્યાયરૂપે પરિણમેલો છે તે લક્ષમાં લેવો. એ જ રીતે ઉપાધ્યાય અને સાધુની પણ બહારની ક્રિયા લક્ષમાં ન લેતાં માત્ર તેમની આત્મ-આરાધનાની ક્રિયા આરાધવાલાયક છે.

સમયસાર કળશનો આધાર આપ્યો છે કે આત્માનું સ્વરૂપ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમય એકરૂપ છે તે જ એક મોક્ષમાર્ગ છે. નિર્વિકલ્પ મોક્ષમાર્ગ એક જ છે. મોક્ષમાર્ગનું નિરૂપણ બે પ્રકારે છે પણ નિશ્ચય મોક્ષમાર્ગ એક જ છે. તેથી મોક્ષના અર્થીને ઉચિત છે કે આ એક સ્વાનુભવરૂપ મોક્ષમાર્ગનું સેવન કરે.

અજ્ઞાનીને જ્યાં સુધી મોટી દૃષ્ટિએ મોટો ભગવાન આત્મા હાથમાં ન આવે ત્યાં સુધી રમણતા કયાં કરવી તે ખબર પડતી નથી. મોટી દૃષ્ટિ એટલે સમ્યક્ દૃષ્ટિ કે જે મહાન દૃષ્ટિ છે તેના વડે મહાન એવા ભગવાન આત્માની શ્રદ્ધા થાય ત્યારે તેમાં રમણ કયાં કરવું તેનું ભાન થાય છે. આવું સમ્યગ્દર્શન થયા પછી પણ અમૃતચંદ્ર આચાર્ય ૮૦ મી ગાથામાં કહે છે કે પ્રમાદરૂપી ચોર મારી સંપદા લૂંટી ન જાય તે માટે હું સાવધાન રહું છું-પ્રમાદ છોડીને પુરુષાર્થની કેડ બાંધીને બેઠો છું.

વીતરાગદેવ ત્રિલોકીનાથની વાણીમાં આ તત્ત્વ આવ્યું છે ભાઈ! 'કેવલીપણ્ણંતો ધમ્મો શરણં' કેવલીપ્રરૂપિત ધર્મ જ મંગલ, ઉત્તમ અને શરણ છે. આ બધું શરણ તારા આત્મામાં જ પડ્યું છે ભાઈ! ભગવાનને યાદ કરવા એ તો રાગ છે પણ રાગરહિત નિજસ્વરૂપનું શરણ લે ત્યારે ખરું અરિહંત અને સિદ્ધનું શરણ લીધું કહેવાય.

હવે ૧૦૫ મી ગાથામાં યોગીન્દ્રદેવ કહે છે કે આત્મા જ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ છે.

તે શિવ, શંકર, વિષ્ણુ ને રુદ્ર, બુદ્ધ પણ તે જ,
બ્રહ્મા, ઇશ્વર, જિન તે, સિદ્ધ, અનંત પણ તે જ. ૧૦૫.

આત્મા....આત્મા....ની વાત તો ઘણાં કહે છે પણ અહીં જે કહેવાય છે—'આત્મા એક અસંખ્ય પ્રદેશી વસ્તુ છે. જેમાં આકાશના અનંતાનંત પ્રદેશ કરતાં પણ અનંતગુણા ગુણ છે અને એટલી જ તેના પર્યાયો છે—આવો આત્મા વેદાંત આદિ કોઈ મતમાં કહ્યો નથી. અજ્ઞાનીઓએ તો અસર્વાંશમાં સર્વાંશ માન્યું છે. અહીં તો સર્વાંશે આખી ચીજ જેવી છે તેવી કહેવાય છે. આવો જે આત્મા છે તે પાંચ પરમેષ્ઠીરૂપે પરિણમે છે તેને જ અહીં બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ કહ્યો છે.

આગળની ગાથામાં જે પંચપરમેષ્ઠીના સ્વરૂપે ધ્યાવવા યોગ્ય કહ્યો તે આત્મા જ બ્રહ્મા, શિવ, શંકર, વિષ્ણુ, રુદ્ર, બુદ્ધ, ઇશ્વર, જિન અને અનંત છે તેના સિવાય બીજો કોઈ બ્રહ્મા આદિ નથી. અરે ભાઈ! આ તો વસ્તુની સ્થિતિ છે. ભગવાને જોયું બીજું અને કહ્યું બીજું એવું નથી. છ પ્રકારના દ્રવ્યો જેવા જોયાં તેવા જ ભગવાને કહ્યાં છે.

આત્મા જ શિવ છે કેમ કે આત્માના શ્રદ્ધા, જ્ઞાન અને ધ્યાન કરવાથી કલ્યાણ થાય છે. ભગવાન આત્મા આનંદ દેનારો છે માટે આત્મા જ શંકર છે. આત્મા જ્ઞાન પ્રમાણ છે જ્ઞાન જ્ઞેય પ્રમાણ છે માટે આત્મા લોકાલોક પ્રમાણ છે એટલે કે ક્ષેત્રથી નહિ પણ કેળજ્ઞાનની અપેક્ષાએ આત્મા લોકાલોક વ્યાપક છે માટે આત્મા જ વિષ્ણુ છે.

આત્મા જ રુદ્ર છે કેમ કે જેમ રુદ્ર બીજાનો નાશ કરે છે તેમ આત્મા આઠ કર્મોનો નાશ કરે છે. આત્મા જ બુદ્ધ છે. એક સમયમાં પૂર્ણાનંદનો નાથ આત્મા પૂર્ણ જ્ઞાનરૂપે પરિણમે છે અને એવી એવી અનંતી શક્તિઓ આત્મામાં રહેલી છે માટે આત્મા જ બુદ્ધ કહેવાય. આવા આત્માને જે માનતાં નથી અને ક્ષણિક પર્યાયને જ આત્મા માને છે તે માન્યતા તદ્દન ખોટી અજ્ઞાનભાવ છે....સંસારભાવ છે.

ગાંધીજીએ શ્રીમદ્‌ને પ્રશ્ન કર્યો હતો કે આ બૌદ્ધ થઈ ગયા તે મોક્ષ પામ્યા છે કે નહિ? તો શ્રીમદે કહ્યું કે બૌદ્ધના શાસ્ત્ર અને લખાણ જોતાં તેમને મુક્તિ હોય શકે નહિ અને આ સિવાય બીજા કોઈ તેના અભિપ્રાય હોય તે આપણને જાણવા ન મળે ત્યાં સુધી આપણે કેમ નક્કી કરી શકીએ? પણ એમણે જે અભિપ્રાયો કહ્યાં છે તે ઉપરથી તો તે મુક્તિ પામ્યાં નથી. શ્રીમદ્‌ને ૨૭ વર્ષ થયા હતા ત્યારે ગાંધીજીએ ૨૭ પ્રશ્નો પૂછ્યાં હતાં તેમાં એક આ પ્રશ્ન હતો.

જે પરમ કૃતકૃત્ય સર્વ પ્રકારની ઇચ્છાથી રહિત છે અને અવિનાશી પરમેશ્વર શક્તિનો ધારક છે તે પરમેશ્વર પરમાત્મા જ સાચાં બ્રહ્મા છે અતીન્દ્રિય આનંદસ્વરૂપમાં લીન છે અને પોતાના સ્વરૂપના કર્તા છે માટે બ્રહ્મા છે. જગતના કર્તા કોઈ બ્રહ્મા નથી.

આમ, બ્રહ્મા, વિષ્ણુ આદિ હજારો નામ લઈને ભાવના કરનારો આત્માની ભાવના કરી શકે છે પણ, સાર તો એ છે કે આત્માનું જેવું સ્વરૂપ છે તેવું લક્ષમાં લઈને તેનું ધ્યાને કરવું તેનું નામ ખરેખર ધ્યાન અને સંવર-નિર્જરા છે.

જેમ, નિર્મળ ક્ષીરસમુદ્રમાં નિર્મળ તરંગો જ ઊઠે છે તેમ, શુદ્ધાત્મામાં સર્વ પ્રવર્તન શુદ્ધ જ હોય છે. ભગવાન આત્મા શુદ્ધ ગુણ સ્વરૂપે છે તેની દશા થાય તે પણ શુદ્ધરૂપે જ પરિણમે છે. જેવા ગુણ છે તેવી જ પૂર્ણ પર્યાય પ્રગટ થાય ત્યારે તેને બુદ્ધ, જિન, ઈશ્વર આદિ નામો અપાય છે.

હવે ૧૦૬મી ગાથામાં યોગીન્દુ મુનિરાજ કહે છે કે પરમાત્મા જેવો દેવ આ દેહમાં પણ છે; તે દેહવાસી દેવમાં અને પરમાત્મામાં કાંઈ ફેર નથી.

એવા લક્ષણયુક્ત જે, પરમ વિદેહી દેવ;
દેહવાસી આ જીવમાં ને તેમાં નથી ફેર. ૧૦૬.

આગળની ગાથામાં જે બ્રહ્મા, વિષ્ણુ, શિવ, શંકર આદિ લક્ષણોથી પરમાત્માનું સ્વરૂપ કહ્યું તેના જેવો જ દેવ આ દેહમાં વસે છે. પરમાત્મામાં અને આ દેહવાસી દેવમાં ખરેખર કાંઈ ફેર નથી.

પરમાત્માનું જે સ્વરૂપ કહ્યું તેવું સ્વરૂપ પ્રભુ! તારા ગર્ભમાં પણ પડ્યું છે. ભગવાન! તારા પેટમાં આવા પરમાત્મા બિરાજે છે. પર્યાયદૃષ્ટિમાં ભલે પરમાત્મામાં અને તારામાં ફેર હોય પણ વસ્તુદૃષ્ટિએ તારા આ દેહવાસી દેવમાં અને નિરંજન પરમાત્મામાં કાંઈ ફેર નથી.

એક વીતરાગી ભગવાન સિવાય એવું કોણ કહે કે 'મારા ઉપરથી લક્ષ છોડ અને તું તારું લક્ષ કર તો પરમાત્મા થઈશ.' મોઢાં સામેનો કોળિયો એક ભગવાનને ગોઠતા નથી. બીજા બધાંને તો ગોઠે છે. બધાં પેલા પોતાના મોઢામાં કોળિયો મૂકે પછી બીજાના મોઢામાં મૂકે ત્યારે અહીં તો ભગવાનને માન જોઈતું નથી. ભગવાન કહે છે તું અમારું લક્ષ કરીશ તો તને રાગ થશે. તું તારું લક્ષ કર! અમારી ભક્તિથી તારું કલ્યાણ નહિ થાય. તું તારો આશ્રય કર તો તારું કલ્યાણ થશે. તારા દેહમાં પરમાત્મા જેવો જ ભગવાન બિરાજમાન છે માટે તું પરમાત્મામાં અને તારામાં ભેદ ન જાણ! (ક્રમશઃ)

—o—

[ આત્માને અનુભવવા.... પૃષ્ઠ ૨૪ થી ચાલુ ]

ભાવથી ભિન્નપણે ઉપાસવામાં આવતાં તે શુદ્ધ કહેવાય છે. પરદ્રવ્યના લક્ષને છોડી સ્વદ્રવ્યને ઉપાસવામાં આવતો તે શુદ્ધ કહેવાય છે. શિષ્યનો પ્રશ્ન હતો કે શુદ્ધ આત્મા કોણ છે? તેનો ઉત્તર આપ્યો કે પરદ્રવ્યના લક્ષને છોડી સ્વદ્રવ્યને સેવવામાં આવતો તે શુદ્ધ કહેવાય છે. વસ્તુ તો શુદ્ધ છે પણ તેને ઉપાસવામાં આવતાં તે શુદ્ધ કહેવાય છે.

પ્રભુ! તું તો છો તેવો જ છો; પરદ્રવ્યોનું લક્ષ છોડી તેનાથી ભિન્નપણે સ્વદ્રવ્યને ઉપાસવામાં આવ્યો ત્યારે તું શુદ્ધ છો. સ્વદ્રવ્યનું લક્ષ કરવા પરદ્રવ્યનું લક્ષ છોડ. રાગદ્વેષની વાત અહીં કહી નથી કેમ કે પરનું લક્ષ છૂટતાં રાગાદિનું લક્ષ અરે! ગુણ-ગુણીના ભેદનું પણ લક્ષ છૂટી જાય છે અને પરદ્રવ્યોનું લક્ષ છોડી તેનાથી ભિન્નપણે સ્વદ્રવ્યનું લક્ષ કરે છે ત્યારે તેને શુદ્ધ કહેવાય છે. પરથી ભિન્નપણે ઉપાસવામાં આવે ત્યારે તેને 'શુદ્ધ' છે એમ કહેવાય, પરનું લક્ષ છૂટતાં વચ્ચેના વ્યવહારરત્નત્રયના રાગનું પણ લક્ષ છૂટી જાય છે, ને સ્વદ્રવ્યનું લક્ષ થાય છે તેને તે શુદ્ધ કહેવાય છે–એ રીતે શુદ્ધ આત્મા કોણ છે તેનો ઉત્તર કહ્યો.

[ દ્રવ્યસ્વભાવના આશ્રયે....પાનું ૧૪ થી ચાલુ ]

અનાદિનો જે વિભાવનો અભ્યાસ છે તે ચાલુ રાખ્યો છે — રાગ કરવો, શુભભાવ કરવા, આ કરવું ને તે કરવું.

વસ્તુ એટલે ભગવાન આત્મા સ્વભાવે નિર્લેપ, નિર્દોષ, નિરાવરણ, અશુદ્ધતા રહિત શુદ્ધ, અપૂર્ણતા રહિત પૂર્ણ તેમ જ વીતરાગ છે; તેની હૂંફ એટલે આધાર લઈને પર્યાયમાં નિર્લેપતા પ્રગટ થાય છે. પર્યાયમાં નિર્લેપતા રહેવી તે જ મોક્ષમાર્ગ છે.

પ્રશ્ન :— તેમાં ગુરુના ઉપદેશનો આધાર નહિ?

ઉત્તર :— વસ્તુના પરિણમનમાં ખરેખર કોઈ અન્યનો આધાર-ફાધાર છે નહિ.

પ્રશ્ન :— નિમિત્ત તો છે ને?

ઉત્તર:— નિમિત્ત છે; પણ તેનો અર્થ શો? વસ્તુ પોતાના ઉપાદાન-કારણથી કાર્ય કરે છે તેમાં જે અનુકૂળ બીજી ચીજ છે તેને નિમિત્ત-કારણપણાનો આરોપ કરવામાં આવે છે. ખરેખર જોઈએ તો નિમિત્ત-વસ્તુ ઉપાદાનમાં આધારનું કાંઈ કામ કરતી નથી. અહા! આવો મારગ! વસ્તુનું સ્વરૂપ જ આવું છે.

કેટલાક કહે છે કે શ્રી કુંદકુંદાચાર્યના શાસ્ત્રોની જેમ હવે બેનનું પુસ્તક પણ વ્યાખ્યાનમાં વાંચવા માંડયું! ભાઈ! સાંભળ તો ખરો. ભગવાનનું હો, શ્રી કુંદકુંદાચાર્ય-દેવનું હો કે બેનનું હો — વાણીની જાત તો એકની એક છે. સ્વાનુભવી સમ્યગ્દષ્ટિની વાણી હો કે કેવળીની હો — જાત તો એક જ છે. પં. ટોડરમલજીના 'મોક્ષમાર્ગ-પ્રકાશક' માં આવે છે ને! — તિર્યંચાદિક અને કેવળી-સિદ્ધભગવાનને, જ્ઞાનાદિકની હીનતા-અધિકતા હોવા છતાં, સમ્યક્ત્વગુણ તો સમાન જ કહ્યો છે.

પ્રતિકૂળ સંયોગોના પ્રસંગોમાં ગભરાઈને ખેદ કરવો નહિ અને અનુકૂળ સંયોગોના પ્રસંગોમાં લલચાઈને ખેંચાવું નહિ. 'ખેંચાવું નહિ' એટલે શું? — ક્યાંય ઝાઝો રાગ કરવો નહિ. જેને અંદર સ્વભાવની અધિકતા છે તેને પણ નબળાઈના કારણે રાગ તો આવે છે, પણ રાગનો રાગ એટલે કે તે રાગનો પ્રેમ કરવો નહિ.

જેને રાગનો પ્રેમ છે તેને ભગવાન જ્ઞાયકસ્વભાવ હેય છે અને જેને ભગવાન જ્ઞાયકસ્વભાવ ઉપાદેય છે તેને રાગભાવ હેય છે. અહા! આવી વાત છે. ભાષા તો બહુ ટૂંકી પણ ભાવ તો ઘણા ગંભીર છે ભાઈ!

'ખેદાવું નહિ' એટલે ખેદ કરવો નહિ; શોક, સંતાપ, દિલગીરી કે દ્વેષ કરવાં નહિ અને 'ખેંચાવું નહિ' એટલે ઝાઝો રાગ કરવો નહિ. રાગ અધિક થઈ જાય અને સ્વભાવ ઢંકાઈ જાય એમ ન કરવું. નબળાઈથી આવી જાય તે જુદી વાત છે પણ પોતે અંદરથી ઊછળીને સ્વભાવ કરતાં પર તરફ વિશેષ રાગ ન કરવો. —૦—

## સુવર્ણપુરી સમાચાર :—

* પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની તપોભૂમિ અધ્યાત્મતીર્થધામ સુવર્ણપુરીમાં રાબેતા મુજબ નિયમિત ધાર્મિક કાર્યક્રમો ચાલે છે. સવારે જિનેન્દ્રપૂજા, પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી પ્રવચનસાર શાસ્ત્ર ઉપર અધ્યાત્મરસ સભર ટેપ–પ્રવચન, બપોરે બ્ર. શ્રી ચંદુભાઈનું શ્રી કળશટીકા ઉપર શાસ્ત્રવાંચન અને જિનેન્દ્રભક્તિ તથા સાંજે પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું 'પરમાત્મપ્રકાશ' ઉપર ભાવવાહી શૈલીમાં આધ્યાત્મિક ટેપ–પ્રવચન—એ રીતે નિયમિત ધાર્મિક કાર્યક્રમો ચાલી રહ્યા છે.

* પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનું શારીરિક સ્વાસ્થ્ય યથાવત સાધારણ ઠીક છે. તેમના પાવન દર્શન અને તેઓની સ્વાનુભવરસનિર્ઝરણી અધ્યાત્મ તત્ત્વચર્ચાનો અનુપમ લાભ મુમુક્ષુસમાજને તેમ જ મહેમાનોને યથાસમય મળતો રહે છે.

* શ્રી મહાવીર નિર્વાણોત્સવ નિમિત્તે આસો વદ–૧૧ થી આસો વદ ०)) સુધી 'શ્રી જિનેન્દ્ર પંચકલ્યાણક' પૂજા, આદરણીય પંડિત શ્રી હિંમતભાઈ જે. શાહ દ્વારા ભાવવાહી શૈલીમાં જિનેન્દ્રભક્તિ આદિ વિશેષ કાર્યક્રમો રાખવામાં આવ્યા હતા, જેનો સ્થાનિક મુમુક્ષુઓ ઉપરાંત બહાર ગામથી આવેલા અનેક મહેમાનોએ આનંદોલ્લાસપૂર્વક લાભ લીધો હતો.

## * વૈરાગ્ય સમાચાર :–

* મુંબઈ નિવાસી શ્રી પ્રેમચંદભાઈ ગુલાબચંદભાઈ ઝોબાળિયાના માતુશ્રી શ્રી સમરતબેન (તે શ્રી ધરમચંદભાઈના ભાભુ) (વર્ષ-૮૪) તા. ૨–૧૦–૮૬ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ ઘણા વર્ષો સુધી સોનગઢ રહીને પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મવાણીનો તેમ જ પૂજ્ય બહેનશ્રીનો ઘણો લાભ લીધો હતો.

* ભાવનગરનિવાસી સ્વ૦ શ્રી શાન્તિલાલ ખીમચંદ દોશીના ધર્મપત્ની મંગળાબહેન (વર્ષ–૭૬) નું તા. ૧૪–૧૦–૮૬ના રોજ મલાડમાં અવસાન થયું છે. શ્રી મંગળાબહેન ઘણો વખત સોનગઢમાં રહી પૂજ્ય ગુરુદેવશ્રીની વાણીનો લાભ લેતા હતા; પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન પ્રત્યે પણ તેમને ઘણો ભક્તિભાવ હતો.

* નાગનેશનિવાસી (હાલ મુંબઈ) સ્વ૦ શ્રી ગુલાબચંદ માણેકચંદ ઝોબાળિયાના ધર્મપત્ની શ્રી ઝવેરીબહેન (વર્ષ–૮૬) નું તા. ૧૫–૧૦–૮૬ના રોજ મુંબઈમાં દેહાવસાન થયું છે. તેમને પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે ઘણો ભક્તિભાવ હતો અને સોનગઢમાં પણ ઘણો સમય રહીને તેમણે પૂજ્ય ગુરુદેવની અમૃતવાણીનો લાભ લીધો હતો.

—સદ્‌ગત આત્માઓ વીતરાગ ધર્મના શરણમાં શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

**પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનો વાર્ષિક સમાધિ-દિન : તા. ૨૩–૧૧–૮૬**



# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો.

૧. હે ભવ્ય! લોકમાં નમન કરવા યોગ્ય પુરુષો તે પણ જેને નમે છે, ધ્યાવવા યોગ્ય પુરુષો તે પણ જેનું નિરંતર ધ્યાન કરે છે તથા સ્તુતિ કરવા યોગ્ય પુરુષો તે પણ જેની સ્તુતિ કરે છે એવો પરમાત્મા આ દેહમાં જ બિરાજે છે. તેને ગમે તેમ કરીને પણ જાણ.

( શ્રી કુંદકુંદ આચાર્ય, મોક્ષપાહુડ, ગાથા-૧૦૩ )

૨. હિતરૂપ અને પ્રયોજનભૂત મીઠાં વચનો જીવને સંસારિક આતાપજન્ય દુઃખથી રહિત કરે છે. જલ, ચંદન, ચંદ્રમા, મોતીનો હાર તથા ચંદ્રકાંત-મણિ અંતરંગ આતાપને દૂર કરીને જીવને વાસ્તવિક સુખ આપવા સમર્થ નથી. જલ ચંદન આદિકને લોકમાં આતાપહારી કહે છે, પરંતુ સત્ય વચન જે આતાપ દૂર કરે છે તેવો આતાપ જલ-ચંદનાદિ દૂર કરી શકતા નથી.

( શ્રી શિવકોટી આચાર્ય, ભગવતી આરાધના, ગાથા-૩૪ )

૩. ભોગ, આયુ, કાળ અને સંપદાઓમાં જે અસ્થિરપણું છે તેને હું એક પ્રકારનો ગુણ જ માનું છું. કારણ કે જો તે બધાં સ્થિર હોય તો મુક્તિ કઈ રીતે પ્રાપ્ત થાય? અને મુક્તિ વિના સુખ શી રીતે પામી શકાય?

( શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન )

૪. શુદ્ધ નિશ્ચયનયથી શક્તિરૂપે સર્વે જીવો શુદ્ધ-બુદ્ધ એક સ્વભાવી હોવાથી ઉપાદેય છે. અને વ્યક્તિરૂપે પંચપરમેષ્ઠી જ ઉપાદેય છે તેમાં પણ (પંચ પરમેષ્ઠીમાં પણ) અર્હંત અને સિદ્ધ એ બે જ ઉપાદેય છે. એ બેમાં પણ નિશ્ચયથી સિદ્ધ જ ઉપાદેય છે. અને પરમ નિશ્ચયનયથી તો ભોગાકાંક્ષાદિરૂપ સમસ્ત વિકલ્પ જાળ રહિત પરમ સમાધિકાળે સિદ્ધ સમાન સ્વ-શુદ્ધાત્મા જ ઉપાદેય છે, અન્ય સર્વ દ્રવ્યો હેય છે.

( શ્રી નેમિચંદ્ર આચાર્ય, બૃહદ્ દ્રવ્ય-સંગ્રહ, ગાથા-૨૭ ટીકામાંથી )

પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના સમાધિ દિન પ્રસંગે સોનગઢમાં પાંચ દિવસનો

## 卐 ધાર્મિક કાર્યક્રમ 卐

[ કારતક વદ-૭ ] [ તા. ૨૩-૧૧-૮૬ ]

આપણા પરમ તારણહાર, પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજી-સ્વામીની પુણ્ય સમાધિનો છઠ્ઠો વાર્ષિક દિન વિ. સં. ૨૦૪૩, કારતક વદ ૭, રવિવાર, તા. ૨૩-૧૧-૮૬ના રોજ છે. પરમ કલ્યાણમૂર્તિ કૃપાળુ ગુરુદેવના દુઃખદ વિરહના આ સાંવત્સરિક સમાધિદિન નિમિત્તે તા. ૧૯-૧૧-૮૬, બુધવાર થી તા. ૨૩-૧૧-૮૬, રવિવાર-એમ પાંચ દિવસ સુધી 'ધાર્મિક કાર્યક્રમ'—શ્રી પંચપરમેષ્ઠીમંડલવિધાનપૂજા, જિનેન્દ્ર તેમ જ ગુરુભક્તિ, પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના અધ્યાત્મરસ ઝરતા ટેપ તથા વિડિયો પ્રવચન અને સમાગત વિદ્વાનોના શાસ્ત્ર-પ્રવચન વગેરે વિવિધ કાર્યક્રમ—રાખવામાં આવ્યા છે.

અધ્યાત્મજ્ઞાનવૈરાગ્ય તેમ જ ગુરુભક્તિનો લાભ લેવા માટે આ અવસરે ગુરુભક્ત સમસ્ત મુમુક્ષુ ભાઈ-બહેનોને શ્રી દિ. જૈન સ્વાધ્યાય-મંદિર ટ્રસ્ટ તરફથી સોનગઢ પધારવાનું હાર્દિક આમંત્રણ છે. આ પ્રસંગે પધારવાથી આપ સર્વેને પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની પવિત્ર સાધનાભૂમિમાં બિરાજમાન શ્રી જિનેન્દ્ર ભગવંતોના દર્શન-પૂજન-ભક્તિનો તથા પ્રશમમૂર્તિ ધર્મરત્ન પૂજ્ય બહેનશ્રી [illegible] દર્શન વગેરેનો પણ અમૂલ્ય લાભ મળશે.

*

Licence No. 3 'Licensed to post without prepayment'

If undelivered please return to :-
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 ( INDIA )

સંપાદક : નાગરદાસ બી. મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
મુદ્રક : કહાન મુદ્રણાલય, સોનગઢ
આજીવન સભ્ય ફી : ૧૦૧/-
વાર્ષિક લવાજમ : રૂા. ૯/- પ્રત : ૩૩૫૦

1877 A Shree Nayanaben H. Ajmera
Modi No. 2
opp. Shree Takies, Sita Burday
NAGPUR ( M. S. )